Shree Dharmachakra Prabhav Tirth,Nashik

ભાષાવિમર્શ

સંપાદક : હરિવલ્લભ ભાયાણી

પુસ્તક ૩] [અંક ૩

જુલાઈ : ૧૯૯૦

(પ્રકાશિત : ઑક્ટોબર ૧૯૯૦)

શાન્તિભાઈ આચાર્ય	વાવેચી બોલી : 'વ્રત દોન–' કથાનું વિશ્લેષણ	૯૩
ભારતી મોદી	ધ્વનિઘટકની વિભાવના : બ્લૂમ્ફીલ્ડ પછીનાં વીશ વર્ષ–૩.	૧૧૩
હરિવલ્લભ ભાયાણી	ગુજરાતી આખ્યાતિક ધાતુઓની વ્યુત્પત્તિચર્ચા (ઓળખાવું, અંચકાવું, અંટવાવું, અડવું વગેરે)	૧૩૦
અત્રતત્ર	૧. દ્રાવિડીભાષીઓનો ભારતપ્રવેશ. ૨. ભારતીય ભાષાવિજ્ઞાન અને સંસ્કૃત. ૩. પાઠસંપાદનકાર્ય અને ભાષાવિજ્ઞાન. ૪. પાણિનીય વ્યાકરણતંત્રમાં અર્થનું સ્થાન. ૫. દ્રાવિડી પ્રભાવના સમાજ-વૈજ્ઞાનિક પુરાવા લેખે પલ્લી, પાટક, ચેરિ.	૧૩૩

ગુજરાતી સાહિત્ય પરિષદ : અમદાવાદ

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

ભાષાવિમર્શ

- 'ભાષાવિમર્શ'માં ભાષાવિજ્ઞાન તથા ગુજરાતી અને ઇતર ભારતીય ભાષાઓને લગતા મૌલિક સંશોધન-અધ્યયન-લેખો, એમના અનુવાદ, ગ્રંથસમીક્ષા વગેરે પ્રકાશિત થશે.
- વર્ષનાં ૨૦૦થી ૨૫૦ પૃષ્ઠ, ચાર અંક, અનુક્રમે જાન્યુઆરી, એપ્રિલ, જુલાઈ અને ઑક્ટોબરમાં પ્રકાશિત.
- વ્યક્તિ માટે વાર્ષિક રૂા. ૧૦-૦૦, સંસ્થા માટે વાર્ષિક રૂા. ૧૫-૦૦; છૂટક અંકની કિંમત રૂા. ૪-૦૦
- લવાજમ, વિનિમય માટેનાં સામયિકો વગેરે મોકલવાનું સરનામું :
  મંત્રી, ગુજરાતી સાહિત્ય પરિષદ ■ ટે. નં. ૭૭૯૪૭
  C/o શ્રી હ. કા. આર્ટ્સ કૉલેજ, આશ્રમરોડ, અમદાવાદ – ૩૮૦ ૦૦૯
- લેખો અને અવલોકન માટેનાં પુસ્તકો મોકલવાનું સરનામું :

  હરિવલ્લભ ભાયાણી
  ૯, હાઇલેન્ડ પાર્ક, ગુલબાઈ ટેકરો,
  અમદાવાદ – ૩૮૦ ૦૧૫
- પ્રબંધ : વાડીલાલ ડગલી, શિવકુમાર જોશી, રઘુવીર ચૌધરી

નવા વર્ષનું લવાજમ જેમણે હજુ ન મોકલ્યું હોય તેઓ તરત જ મોકલી આપે એવી વિનંતી છે.

★

આ એપ્રિલનો અંક મોડો થયો તે બદ્દલ સંપાદક દિલગીર છે.

પ્રકાશક : રઘુવીર ચૌધરી, મંત્રી, ગુજરાતી સાહિત્ય પરિષદ,
C/o. શ્રી હ. કા. આર્ટ્સ કૉલેજ, ર. છો. માર્ગ, અમદાવાદ-૯
મુદ્રક : કાન્તિભાઈ મ. મિસ્ત્રી, આદિત્ય મુદ્રણાલય, અમદાવાદ-૧ ફોન : ૩૬૦૪૭૨

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

ભાષાવિમર્શ

જુલાઈ, ૧૯૮૦

વાવેચી બોલી

('ત્રત દોન—' કથાનું વિશ્લેષણ)

શાન્તિભાઈ આચાર્ય

પૂર્વભૂમિકા

૦:૧. કેન્દ્રપરિચય

આજના બનાસકાંઠા જિલ્લાના વાવ તાલુકાનું સુઈગામ એક મોટું ગામ છે. વાવથી દક્ષિણે ૨૯ કિ. મિ.ના અંતરે તે આવેલું છે. ભાભરથી તેનું અંતર ઉત્તરમાં ૨૭ કિ. મિ. છે. વાવ અને ભાભર એ બંને આજુબાજુના લોકો માટે ખરીદ-વેચાણનાં કેન્દ્રો છે. આ બંનેની લગભગ વચ્ચે સુઈગામ આવેલું છે.

આ ગામ વાવના રાણા સાંગાજીના સૌથી નાના પુત્ર પચાણજીએ વસાવ્યું હોવાનું કહેવાય છે. પચાણજીએ જ્યાં સોય નામના રબારી (કે ભરવાડ) નો નેસ હતો ત્યાં અસલ સુઈગામનો પાયો નાંખ્યો હતો. ત્યારબાદ આ જ કુટુંબના રાજસી નામના પુરુષે આજુબાજુનાં ગામોની ઠકરાત ભોગવતા ચૌહાણો તેમ જ જતોને હરાવીને તેમનાં ગામો પડાવી લઈ સુઈગામની જાગીર સ્થાપી હતી.

આ જાગીર વાવ થાણાની નીચે હતી. અને તેમાં ૨૧ ગામો હતાં.

ત્યારબાદ ઈ. સ. ૧૮૨૦ના રાધનપુર સાથેના તથા ૧૮૨૬ના થરાદ સાથેના કરારો મુજબ આ જાગીરનો અંગ્રેજો સાથે નાતો બંધાયો.

આ ગાળામાં વાવ અને તેની આજુબાજુનો વિસ્તાર 'વાવેચી' તરીકે ઓળખાતો હતો. સુઈગામ આ વિસ્તારમાં સમાતું હતું.

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

સોય ભરવાડ કે રબારી અને વાંઢે આવીને વસેલાં તેનાં સગાંવહાલાંના વસવાટના આ સ્થળે બાજુના ગામ ભાટવડથી રજપૂતો ચડી આવ્યા હતા. તેઓ અહીં પહોંચ્યા ત્યારે પરોઢિયું થવાની તૈયારી હતી. ભરવાડણ છાશ વલોવતી હતી અને તેના ઝરડક ... ફરડક, ઝરડક ... ફરડક એવા અવાજ આવતા હતા. ભાટવડના રજપૂતોએ બરાબર આ સમયે સુઈ કે સોય ભરવાડને મારીને સ્થળ કબજે કર્યું. સોય ભરવાડનું મૃત્યુ થયું પણ તેણે મરતાં મરતાં રજપૂતોને શાપ આપ્યો કે 'જાઓ, તમારું બધું ઝરડકે ને ફરડકે જાશે.' ત્યારથી આજ સુધી અહીંના રજપૂતો એક જ સ્થળે રહી શકતા નથી એવી કિંવદંતી આજસુધી પ્રચલિત છે.

ગામ હજી આજે પણ ઘણી પછાત દશામાં રહેલું છે. કોઈ પણ કર્મચારીની આ ગામમાં બદલી થતાં બહુધા સજા કરી હોવાનું માનવામાં આવે છે.

૧૯૭૧ના પાકિસ્તાન સાથેના યુદ્ધ પછીથી અહીં પાકિસ્તાનથી શરણાર્થીઓ આવી વસેલા હોઈ, ગામના બે ભાગ પડી જતા માલૂમ પડે છે. એક તે તળ ગામનો અને બીજો ઉત્તર બાજુએ વસાવવામાં આવેલા શરણાર્થીઓના વસવાટનો; એ ભાગ ત્યાં 'કેમ્પ' તરીકે ઓળખાય છે.

૧૯૭૧ની વસ્તીગણતરી મુજબ ગામની કુલ વસ્તી ૨૮૨૮ની છે. આમાં ૫૦૪ પુરુષો અને ૧૩૨૪ સ્ત્રીઓ છે. કેમ્પની કુલ ૧૧૮૨ની વસ્તી આમાં સમાઈ જાય છે. આ વસ્તીમાં અનુસૂચિત જાતિની સંખ્યા ૩૭૮ની છે. તેમાં ૧૮૬ પુરુષો અને ૧૯૨ સ્ત્રીઓ છે. અનુસૂચિત જનજાતિની વસ્તી નથી.

ગામમાં ભણેલાંની સંખ્યા ૪૨૭ની હતી જેમાં ૩૩૯ પુરુષો અને ૮૮ સ્ત્રીઓ હતાં.

મુખ્ય જ્ઞાતિ રજપૂતોની છે. તેનાં આશરે ૧૨૫ થી ૧૪૦ ઘર, કણબી- (અહીં કળબી કહેવાય છે.) ઓનાં આશરે ૧૦ થી ૧૨ ઘર અને બાકીનાં જૈન, કલાલ, હરિજન, સ્વામી, રબારી, ભંગી વગેરે જેવી પચરંગી વસ્તીનાં આશરે ૩૫થી ૪૦ ઘર છે.

ગામની જમીન ભૂખરા રંગની અને ખારવાળી છે. આખો વિસ્તાર સમુદ્ર પર વસેલો ખારોપાટ હોય તેવું લાગે છે. આથી મીઠા પાણીની ભારે તંગી પ્રવર્તે છે. માત્ર ચોમાસુ ખેતી જ થાય છે. ઉનાળામાં પીવાના પાણીના 'વીરડા' પર લોકો ચોકી કરતા બેસી રહે છે!

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

જમીનને બાજરી તથા કોરડ(મઠ)ના પાક માફક હોવાથી આ બંને પ્રજાનો મુખ્ય ખોરાક છે. લોકો બપોરે અને સાંજે બેઉ વખત રોટલો અને કઢી ખાય છે. કોઈવાર પાપડનું શાક પણ બનાવે છે. પાપડને વઘારીને અંદર બે-ત્રણ લોટા પાણી નાંખે તેને પાપડનું શાક કહે છે. આખા વિસ્તારમાં ફરતાં પરદેશી બાવળ, પીલુડી (જેને અહીં 'ઝાયૂર' કહે છે) અને સફેદ આકડાનાં ઝૂંડનાં ઝૂંડ નજરે પડયાં કરતાં હોય છે.

ગામની પશ્ચિમ તરફ તળાવ આવેલું છે. તળાવના કાંઠા પર જ પંચાયતની કચેરી અને તેથી થોડે દૂર સહકારી મંડળીની દુકાન છે. આ બંને વચ્ચે ભાંભરા પાણીનો ટાંકો છે. પીવામાં પણ મુખ્યત્વે આ જ પાણી વપરાય છે. ગામના પશ્ચિમ ભાગેથી પસાર થતો અને વાવ તરફ જતો પાકો રસ્તો ગામને અને અહીં આવેલી સીમાસંરક્ષણદળની કચેરીને જુદાં પાડે છે. ભૂમિદળના કર્મચારીઓ માટે ગામથી ઉત્તરે લગભગ ૧૫ કિ. મિ.ના અંતરે આવેલા ભાટવડ ગામના પાતાળકૂવામાંથી ટાંકાઓ ભરીને પીવાનું મીઠું પાણી આવતું હોય છે. આ પાણી અનુકૂળતા પ્રમાણે ગામને પણ આપવામાં આવે છે.

પાણીની આવી તંગીને લીધે તેમ જ લોકોની પરંપરાથી ચાલી આવતી ઘરેડને લીધે ગામમાં, ઘરોમાં અને લોકોની ટેવોમાં અસ્વચ્છતા ઘર કરી ગયેલી છે. હાથપાણી લેવાનું હજી પણ ઓછું છે! અસ્વચ્છ પાણી પીવાના કારણે થોડાં વર્ષો પહેલાં ચામડીના રોગો તેમ જ વાળાનું દર્દ અહીં વિશેષ પ્રમાણમાં હતાં. હવે આ સ્થિતિ રહી નથી તેમ જાણવા મળે છે.

લોકોના પહેરવેશને જોતાં પુરુષો છેડો પાછળ ખોસીને તેમ જ જમણી તરફ ધજાની જેમ રાખીને ધોતિયું પહેરે છે. રજપૂતોમાં પ્રસંગોપાત્ત પગની ઘૂંટીએ બોરવાળો ચોરણો પણ પહેરાય છે. શરીર પર રાજસ્થાની પ્રકારનું લાંબું કેડિયું અને માથે મોટું પાઘડું હોય છે. સ્ત્રીઓમાં ખૂબ ઘેરવાળો ચણિયો, રાજસ્થાની કાપડું અને ઓઢણું પહેરાતાં હોય છે. સામાન્ય રીતે પુરુષોમાં ધોળો રંગ અને સ્ત્રીઓમાં લાલ અને પીળો રંગ પ્રચલિત હોય તેવું જોવા મળે છે.

સ્ત્રીઓમાં 'લાજ'નો રિવાજ ખૂબ ઘનિષ્ઠ રીતે પળાતો દેખાય છે.

ગામમાં લગભગ ૮૦ વર્ષ જૂની અંગ્રેજોના સમયની પ્રાથમિક શાળા છે. આ શાળા ગામમાં આવેલી છે. પરંતુ હવે શિક્ષણનું સંકુલ ગામના પૂર્વ તરફના છેડે વિકસતું હોવાથી પ્રાથમિક શાળાનું નવું મકાન માધ્યમિક

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

શાળાના મકાનની સામે જ બાંધવામાં આવ્યું છે. માધ્યમિક શાળાનું મકાન ખેડા જિલ્લાના શ્રી (પુષ્પાનંદજી ?) મહારાજે બંધાવી આપ્યું છે. મહારાજશ્રી આ વિસ્તારની વિવિધ પ્રવૃત્તિઓમાં ખૂબ રસ લે છે; અને તેમનો આખા વિસ્તાર પર સારો એવો પ્રભાવ પણ છે. આના પરિણામે મહર્ષિ કણાદ વિદ્યાલય (માધ્યમિક શાળા) ઊભું થયું છે.

શાળાને પોતાનું છાત્રાલય પણ છે. તેમાં આજે આજુબાજુનાં ગામોના દસેક જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ અર્થે રહે છે.

શિક્ષકોનું જૂથ યુવાન છે તથા ખરેખર સારું છે. શ્રી બાબુભાઈ રાવળ આચાર્ય છે અને કાન્તિભાઈ, વિનુભાઈ અને રામભાઈ તેમના સાથી મિત્રો છે. પંચાયતના યુવાન એમ.બી.બી.એસ. પાસ થયેલા ડૉક્ટર કાર્તિકેય ત્રિવેદી આમાં ભળતાં ગામને એક સરસ યુવાન ટોળી પ્રાપ્ત થઈ છે. સરપંચ ભાણાભાઈ પરમાર પણ જોકે વાંઢિયામાં રહેતા હોવા છતાં અવારનવાર ગામમાં આવીને આ લોકોને મદદરૂપ થવા પ્રયત્ન કરતા હોય છે.

ગામની મધ્યમાં જૈન દેરાસર આવેલું છે. તળાવના કાંઠા પર પંચાયત કચેરીથી નજીક શિવાલય આવેલું છે. આ સિવાય માધ્યમિક શાળાની નજીક પૂર્વે થયેલા સિદ્ધ પુરુષ હમીર ભારથીજીની કુટિ છે. આમાં તેમનાં પગલાં, ચીપિયો વગેરે છે. બાજુના ખંડમાં શિવના લિંગની સ્થાપના છે અને સામે પોઠિયો છે. કહેવાય છે કે હમીર ભારથીજી ખૂબ જ ચમત્કારી પુરુષ હતા અને ઇચ્છિત સ્વરૂપ લઈ શકતા હતા.

મહાદેવના મંદિરથી થોડે દૂર આશરે ચારેક ફૂટ ઊંચો એક પાળિયો છે. આ પાળિયો સ્ત્રીનો છે. તેણે પોતાના હાથમાં બાળકને આડું તેડેલું છે. નીચે કંઈક લખાણ છે, પરંતુ વાંચી શકાય તેવી સ્થિતિમાં રહ્યું નથી. આ અંગે વિશેષ માહિતી પ્રાપ્ત થતી નથી.

પાકિસ્તાનથી આવેલા નિર્વાસિતોનો વસવાટ તે કેમ્પ. કેમ્પ પોલિસ ક્વાર્ટર્સની બાજુમાં વસાવેલો છે. શરણાર્થીઓના આ કેમ્પમાં કુલ સંખ્યા ૧૮૨ ની છે. મુખ્યત્વે પતરાં નાંખીને રહેવાની વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. સરકારે પ્રત્યેક કુટુંબને રહેવા માટે જેટલી જગ્યા કરી આપી છે, તેનાથી ઘણી વધારે જગ્યામાં યથેચ્છ રીતે આ શરણાર્થીઓ ફેલાઈ ગયા છે.

પ્રત્યેક કુટુંબને રહેઠાણ અને પ્રત્યેક વ્યક્તિને ખોરાક સરકાર તરફથી મફત પૂરો પાડવામાં આવે છે. આ લોકોની વ્યવસ્થા માટે ૧ કેમ્પ કમાન્ડન્ટ

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

૧ કારકુન અને ૧ કોઠારી મળીને ત્રણ માણસોનો સ્ટાફ છે. પ્રત્યેક વ્યક્તિને રહેવા-જમવાની મફત વ્યવસ્થા ઉપરાંત દર મહિને અગાઉથી ખીસાખરચી તરીકે પુખ્ત વ્યક્તિને ૦-૩૦ પૈસા અને બાળકને ૦-૨૦ લેખેની રકમ આપવામાં આવે છે. આ લોકોને કશું જ કામ નહીં હોવાથી તેમનામાં અનેક પ્રકારના ધંધા ફાલ્યાફૂલ્યા હોવાનું લોકજીભે બોલાય છે. અહીંથી બમણા કદનો એક આવો બીજો કેમ્પ થરાદમાં છે. કહેવાય છે કે દર મહિને આની પાછળ સરકારશ્રીને આશરે ૧૦ થી ૧૨ લાખ રૂપિયાનું ખર્ચ થાય છે!

આ કેમ્પની બાજુમાં ઊંચાણવાળા ભાગમાં અંબાજીની નાની દેરી છે.

સુઈગામ રણના કાંઠા પર પાકિસ્તાનની સરહદ નજીકનું ગામ હોવાથી અહીં સીમાસુરક્ષાદળનું થાણું પણ છે. આ લોકોનો વસવાટ કચ્છના મોટા રણમાં આવેલા નળાબેટમાં છે. રણમાં ઊંચાણવાળી જગ્યા 'બેટ'ના નામે ઓળખાય છે તે બીના, પૂર્વે ત્યાં દરિયો હોવાના અનુમાન સાથે સુસંગત જણાય છે.

આ બેટમાં નળેચી માતાનું મંદિર બાંધવામાં આવ્યું છે. લશ્કરના માણસો આ માતાજીમાં ખૂબ જ શ્રદ્ધા ધરાવે છે પાકિસ્તાનના યુદ્ધ વખતે હિંદી લશ્કરને નળેચી માતાએ જુદીજુદી અનેક રીતે મદદ કર્યાની વાતો લશ્કરના જવાનોમાં ખૂબ પ્રચલિત છે.

મારી ઉત્તર-ગુજરાતની સંશોધન-પરિયોજનામાં આ ગામને કેન્દ્ર તરીકે રાખ્યું હતું અને તેને ૧૫ નંબરની સંજ્ઞા આપી હતી.

૦ : ૨ ભાષકવિશેષ

આ કેન્દ્રના મુખ્ય ભાષકવિશેષ તરીકે શ્રી લખધીરભાઈ વનાજી પરમારને રાખવામાં આવ્યા હતા. આ ભાઈ જ્ઞાતિએ રજપૂત હતા. ધંધો ખેતીનો હતો. પરંતુ થોડા વખતથી ખેતીની સાથે માધ્યમિક શાળામાં પટાવાળા તરીકેનું કાર્ય પણ કરતા હતા. તેમનું ભણતર પાંચ ચોપડી સુધીનું હતું. તેમના બધા જ દાંત સાબૂત હતા. તેમના બાપદાદાઓ રાજસ્થાન તરફથી આ બાજુ આવ્યા હોય તેમ તેમનું માનવું હતું.

આ ભાઈની સમજશક્તિ સારી હતી. વિગતો આપવામાં ખુશી બતાવતા હતા અને કોઠાડાહ્યા માણસ જણાતા હતા.

આ સિવાયના ભાષકવિશેષોમાં શ્રી દેવશીભાઈ સોંખલા (લુહાર), ભવાભાઈ પચાણભાઈ પટેલ, રામદાસ સુથાર અને રતિભાઈ કલાલનો સમાવેશ

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

થતો હતો. વિગતોની પૂર્તિ માટે તથા વિવિધ પ્રશ્નોની ચકાસણી માટે આ બધા મિત્રોની સેવા લેવામાં આવતી હતી.

સંશોધનનાં અનેકવિધ કાર્યોમાં સીમાદળના અધિકારીઓ, શાખાના શિક્ષકભાઈઓ, કેમ્પના કમાન્ડન્ટશ્રી તેમ જ અન્ય કર્મચારીઓ, ગામના સરપંચશ્રી, આરોગ્યકેન્દ્રના તેમ જ નળાએટના આરોગ્ય-અધિકારીઓ અને છાત્રાલયના વિદ્યાર્થીઓ જેવા વિવિધ વર્ગોએ જુદાજુદા તબક્કે અનેકવિધ મદદ કરી છે તે માટે લેખક અહીં તેમનું ઋણ સ્વીકારી આ સહુ મિત્રો પરત્વે આભારની લાગણી પ્રદર્શિત કરે છે.

૦:૩. અન્ય નોંધપાત્ર વિશેષતાઓ

ગામમાં એક પણ કૂવો નથી.

સ્થાનકો તથા ચમત્કારી જગ્યાઓની સંખ્યા ઘણી જણાય છે અને પ્રજા પર પણ આની અસર વરતાતી લાગે છે.

થોડાં વર્ષો પહેલાં ઢોરની ચોરીઓ ખૂબ થતી હતી.

ચીજવસ્તુઓની ચોરી કેમ્પ આવ્યા પહેલાં બિલકુલ થતી ન હતી; હવે તેની શરૂઆત થઈ ગયેલી છે તેમ કહેવાય છે.

સમસ્ત વિસ્તારમાં માંકણ અને ઉધઈ જોવા મળતાં નથી, પરંતુ મચ્છરનો ત્રાસ ઘણો જણાવ છે.

રજપૂતોમાં દોઢ–બે વર્ષની કન્યાના ચાંદલા કરી દેવામાં આવતા હોય છે.

ધનતેરશના દાહાડે દરેક વ્યક્તિ નહાઈને સ્વચ્છ બને છે.

'બાવટો' એ એવડું હળ છે અને આ વિસ્તારમાં પ્રચલિત છે.

સાપ ખૂબ છે. આમાંથી 'કુંભારિયા' બહુ ઝેરી ગણાય છે. દર વર્ષે એનાથી બે-ચાર જણ મરે છે.

'બોફીંડુ' એ વેંત જેવડું સરીસૃપ પ્રાણી છે. આ વિસ્તારમાં દેખાય છે. કરડતાં જ માણસ મરી જાય છે.

બાપનું નામ પહેલાં અને પછી પોતાનું બોલાતું હોય છે. ઉ. ત. દીકરાનું નામ ભવો અને બાપનું લખધીર હોય તો લખધીર ભવા એમ બોલે છે. બાપ પછી જ દીકરો આવે એ તેઓની દલીલ છે.

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

આ બધી વિશેષતાઓ યુક્ત આ ભાષા-સ્વરૂપનો વિસ્તાર 'વાંવેચી' કહેવાતો હતો તે બીનો ધ્યાનમાં લઈને આને માત્ર નામાભિધાન પૂરતું અહીં 'વાંવેચી બોલી' ભાષાસ્વરૂપ ગણવામાં આવ્યું છે.

અહીં આ સામગ્રીને માત્ર ભાષાની દૃષ્ટિએ જ જોવાની મર્યાદા બાંધી હોવાથી આના લોકવિદ્યાગત વિશ્લેષણમાં જવાનું ઉચિત ગણ્યું નથી. પરંતુ અહીં લોકવિદ્યાનાં અનેક મોટિફ પથરાયેલાં જણાતાં હોઈ, તે દૃષ્ટિએ તપાસ કરવી પણ રસપ્રદ નીવડે તેમ છે.

૧ : ૦. ભાષાસામગ્રી

'વ્રત દૉન ને મહા પુન'

એક હતો બ્રૉમણ ને એક હતી બ્રૉમણી. એને એક હતી નૉનકરી. બ્રૉમણ પોંસ ગૉમ ફરે તોય પાલી લોટ ઝડે. ને એક ગૉમ ફરે તોય પાલી જ. એક દીયે એની નૉનકરીએ એને કીધું "કાકા, તમો સવારના વેલા ઉઠી ન મું કને આવો." બ્રૉમણે કીધું "ભલે, મું ત કને વેલો ઉઠી ન આયોસ." બ્રૉમણ તો બીઝે દાડે વેલો ઉઠી ન નૉનકરી કને ઝયો. પસેં બ્રૉમણને નૉનકરીએ કીધું " તમે રાઝા કને ઝાઇને કેઝો કે 'વ્રત દૉન ને મહા પુન'." બીઝે દીયે બ્રૉમણે સવારમા રાઝા કને ઝાઈન કીધુ કે "વ્રત દૉન ને મહા પુન." આ સૉંભળી ન રાઝાએ એને પસા રૂપીયા ને પાકું સીધું આયલું. એક મઇનો એવી રીચે હેંડયું.

પસેં ઇયે સપાયૂયાં હતા. ઈયોયે વસાર કયૂરો કે આપડે એક મઈનો રૉંસાં તોય આપને રાઝા પસા રુપીયા નથી આલતા ને આ બ્રૉમણને તો એક દાડાના પસા રુપીયા આલે સે. એટલે રાઝાને સપાયયે કીધુ કે બ્રૉમણને વ્રત દૉન ને મહા પુનનું ફળ શું સે ઈ તો આપડે પુસાં ?

બીઝે દાડે બ્રૉમણ આયો એટલે રાઝાએ બેય હાથ અત્રળામોંથી સવળા કરી ન, પુવસુ કે "આનો અરથ શું ?" બ્રૉમણને તો ઑની કાંઈ ખબેયૂર નોતી એટલે "ઝૉણતો નથી" એમ કીધું ને સોપડામોં ઝોઈને સવારે ઝવાપ દેવાનુ રાઝાને ઝણાયૂવુ. રાઝાએ કબુલ કીધુ પણ પસેં કયેં કે "સવારે ઝવાપ નંય આલે તો નીલો કોંટામાં તને બાળેયૂશ. બ્રૉમણ તો ઘયૂરે આવી ન ઉદાયૂશ બેઠો. પસેં એની નાનકરીએ કીધું "કાકા, તમો આઝ ચમ ઉદાયૂશ સો ?" બ્રૉમણે ઝવાપ દીધો કે—"આઝ તો કાંય કીધાની વાત નથી." નૉનકરી કયે "પણ તો ય કો તો ખરી ?" બ્રૉમણે કીધુ કે

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

"રાઝાએ ઑમ કરી ન ઑમ અવળા હાથ કયૂરા સે ને એનો અરથ સ્વારે કેવાનું કીધુ સે. એનો ઝવાબ મું સવારે નંય આલુ તો રાઝા મને નીલો કાંટામાં બાયૂળશે." એની નોનકરી કયે "એમાં શૂયું? સ્વારમાં વેલા ઉઠી ન મારા કને આવઝો. એનો ઝવાબ મું કયૂશ."

બ્રોમણ તો સવારમાં વેલો ઉઠીને એની નોનકરી કને ઝયો. પસેં એની નોનકરીએ કીધું " તમે રાઝા કને ઝાઈ ને ત્રોબાની થાળી ને ત્રોબાના કળશ્યામેં પોણી લઈ, કળશ્યો થાળીમાં મેલઝો. પસેં થોડ઼ક પોણી ઝમણે કડ઼કલે ને થોડ઼ક ડાવે કડ઼કલે નોમઝો." બીઝે દી સવારમાં બ્રોમણ રાઝા કને ઝાઈને ત્રોંબાની થાળી ને ત્રોબાનો લોટો લવરાયો. કળશ્યામાં પોણી નામી, કળશ્યો થાળીમાં મેચ્યો. પસં થોડ઼ પોણી ઝમણે કડ઼કલે નોમ્યુ ને થોડ઼ ડાવે કડ઼ખલે. પસેં થાળી ને કળશ્યો રાઝાને પાસા આલ્યા. બ્રોમણે ઑમ કય્રુ એટલે રાઝાએ બીઝે દી સપાય્યાંને કીધું કે બ્રોમણને હવે સો રૂપિયા ને પાકુ સીધું કાયમ આલઝો. વયૂરી ઑમ એક મઈનો થઇ ઝયો. સપાય્યાંએ વસાર કયૂરો કે રાઝા તો બ્રોમણને સદાય સો રુપીયા આલસ્, આપોને ચમ એટલા આલ્તો નથી? એટલે વયૂરી રાઝાને કીધું "રાઝા, બ્રોમણને સદાય સો રુપીયા આલો સો એટલે વ્રત દાન ને મહાપુનનું ફળ શું સે ઇ તો પુસઝો." બીઝે દાડે બ્રામણ આયો એટલે રાઝાએ પુય્સુ કે "વ્રત દાન ને મહા પુનનું ફળ શું સે?" બ્રોમણે કીધું "મું સ્વારનો કોયૂશ." બ્રોમણ ઘીરે ઝાઈને ફેરથી ઉદાયૂશ બેઠો બ્રોમણને એની નોનકરીએ ઑમ ઓશીયાળો દેખી ન કીધું "કાકા, આઝ તમે ચમ ઓયૂશીયાળા સો?" એટલે બ્રોમણે રાઝાએ એને કીધું તુ ઈ નોનકરીને ઝણાયૂવું. નોનકરીએ કીધું કે "સ્વારમાં મું કને આવઝો. પસેં મું એનો ઝવાબ કોયૂશ." બ્રોમણ તો સ્વારમાં ઉઠી ન નોનકરી કને ઝયો. નોનકરી કયે "તમે રાઝાને ઝઈને કેઝો કે વ્રત દાન ને મહાપુનનુ ફળ ઝોવું હોય તો હઝી ફળ સે કાસું, તે સતાં ઝોવું હોય તો સો મઈના ઝાતા થાય સે. ત્રંબાવટી નગરી મોંય એક વોણીયો રે સે એને ઘરથી મયૂળશે." બ્રોમણે તે સવારમા રાઝા કને ઝાઈ ને એવી રીચે કીધું. રાઝાએ તો બ્રામણને પાકુ સીધું આલી સો ના બસં રુપીયા કાયમ કરી આપ્યા.

પસે રાઝા તો ઘોડા ઉપર બેસી ન ઈયોથી હેંડતો થયો. હેંડ હેંડ કરતાં એક ઝંગલ આયું. ઇ ઝંગલમાં દાડો આથમી ઝયો. આ ઝંગલમાં એક ભીલ ને ભીલડી રેતાં તાં. ભીલે રાઝાને ઝોઈ ને કીધું, "રાઝા, તમે અમો કને આવો

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

રા, નકા તમોને કોઇ ઝાનવર મારી નાખશે." પસે રાઝા ભીલ કને ઝયા પરા. ભીલ ને ભીલડી મોટા ઝાડખા ઉપર રેતાં તાં ઇયાં ઝયા. ભીલ કને બે રોટલા હતા. ભીલે ભીલડીને કીધું કે આપોં કને બે રોટલા સે એમોંથી એક રાઝાને આલોં ને એક આપે બે ઝણા ખોંવ. ઑમ સોંભળીને ભીલડીએ રોટલા માથે થુચ્ચું પરું. ભીલે આ ઝોયું. ભીલ કને કુવાડી પડી તી ઇ લઈને ભીલડીની કાંધમાં સોડી એટલે ભીલડી મરી ઝી. પસે ભીલે બીઝો રોટલો રાઝાને આલ્યો.

રાઝાએ રોટલો ન ખાધો. પસેં બેય ઉંઘાય ઝયાં. અરધી રાત થી એટલે ભીલ ઝાડખે ઉપરથી પડી ન મરી ઝયો. સવાર થયુ એટલે રાઝા ઉય્ઠા. રાઝાએ ઝોયું તો બેય ઝણાં મરલ પયડા તાં. રાઝાએ વસાર કર્યો કે મું ઑંય આયો એટલે એ બેય ઝણાં મરી ઝયાં. પસે રાઝા અંયાથી હેંડતો થયો ત્રંબાવટી નગરીમાં ઝયો એટલે વોણીયાને ગમ પડી કે વ્રત દોન ને મહા પુનવાળા રાઝા આવે સે. ઝોણ થાતા વોણીયો રાઝાને સોંમો ઝયો. સોંમા રાઝા આવતા તા. વોણીયે ઇયોને (રાઝાને) ઘય્રે તેડી લાયા. રાઝા વોણીયાની ઘય્રે ઝઈને બેઠા એટલે વોણીયાણીને સોકરો ધાવણો થયો.

પસે રાઝાએ વોણીયાને કીધું "ઇ સોકરાને ઝીલાડી ન મું કને લાવો." પસે વોણીયે ઇ સોકરાને રાઝા કને લાયો. પસે ઇ સોકરો બોલ્યો કે "રાઝા, ઝુવો આ વ્રત દોન ને મહા પુનનું ફળ. મું ઝંગલવાળો ભીલ સું ને મે ઑંય અવતાર લીધો સે. હવે ગોમની બાય્રે કટી સે ઇ કટીએ તમોં ઝાઓ એટલે તમોને વધારે ઝોણવામાં આવશે." આટલુ કઈન સોકરો બોલતો બંદ થઈ ઝયો.

પસે રાઝા કટીએ ઝયા. કટીમાં એક બાવો રેતો તો. એ બાવે રાઝાને ઇયાં બેસાય્રો. થોડીક વાર થઈ એટલે વીશ્ણુ પરભુનુ વીમાન આયું. વીમાનવાળાએ બાવાને કીધું "તમોને પરભુ સાયદે સે એટલે તમે ઇયાં હેંડો." બાવો કે "મું નીં આવું." વીમાનવાળા કે "ચમ નીં આવો?" તો બાવો કે "મારે પરોણા આયા સે એટલે." પસે પરભુએ કીધું કે "પરોણાને ન બાવાને બીયાંને તેડી આવો." ઝાઝ પાસું આયું: બાવાને વીમાનવાળા કે "પરભુએ કીધું સે કે તમો ન પરોણા બીય આવો." પસેં બીય વીમાનમાં બેઠા પરા અને પરભુ કને ઝયાં.

બાવો ને રાઝા ઑમ સરગમાં ભમતા તા. બીયે ભમતા ભમતા સવા લાખના હીરાનો મેલ થાતો તો ઇ ઝોયો. રાઝાએ બાવાને પુસ્યુ કે "આ શું થાય સે?" બાવે કીધું કે "મેલ થાય સે." રાઝા કે "ચમ?" બાવે

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

કીધું કે "તમો સારુ થાય સે. તમો વ્રત દાન ને મહા પુન કરો સો એટલે." પસે આ ઝોઈને રાઝા ને બાવો બીય પાસા કટીમાં આવતા રયા: અને રાઝા પાસા ઈંયોના ગોમમાં આવતા રયા. આવીને બ્રોમણને કાયમ ત્રણસેં રુપીયા ને પાકું સીધું આલવા મંચૂડા.

વરી સપાયૂયાંએ વસાર કર્યો કે આપણે રાઝાને કેં કે "બ્રોમણની નોનકરી સે એને પેણી ન લાવો રી." સપાઈએ રાઝાને એવી રીચે કીધું એટલે રાઝાનો ઝીવ બગડી ઝયો. રાઝાએ સપાયૂયાંને કીધું કે "લાવશાં." બીઝેં દાડ સવારનો બ્રોમણ આયો એટલે બ્રોમણને રાઝાએ કીધું કે "તારી નોનકરી મને પેણાવઝે." બ્રોમણે કીધું "મું ઇ કોંય ન ઝોણુ, મારી નોનકરીને પેણવુ હોય તો ઈ રી ધયૂરે." બ્રોમણે આ વાત ધયૂરે આવીને નોનકરીને કરી. નોનકરી બ્રોમણને કયે, "કાકા, તમે ઝઈને રાઝાને કેઝો કે સોંઝે આવે." બ્રોમણે તો રાઝાને ઝઈને કીધું કે "સોંઝેં આવઝો રા."

સોંઝ પડી એટલે નોનકરીએ ત્રણ ગોદડાં લીધાં. એક મેયૂલું સોગયૂનમાં, એક ઓંગણે ને એક મેયૂસુ ઓસરયામાં. રાઝા સધરો હયૂશે તો વસલે ગોદડે આવી ન બેયૂસશે. થોડીક વાર થી એટલે રાઝા આયા. આંવી ન વસલે ગોદડે બેઠા. એટલે બ્રોમણની નોનકરીએ વસાર કયૂરો કે રાઝા સે તો સધરો. પસે રાઝાને નોનકરીએ કીધું "તમે ત્રંબાવટી નગરીમાં પાસા ઝો. છયોં તમોને શું ઝોણવા મળે સે ઇ ઝોઇન પસે મને પેણવા આવઝો."

રાઝા તો પાસા વયૂરી ઝયા. ત્રંબાવટી નગરીમાં ઝયા, એટલે વોણીયાને ખબેયૂર પડી કે વ્રત દાન ને મહાપુનવાળા રાઝા ફેરથી આવે સે. વોણીયો તો સોમો ધોકો લઇને ધોડ્યો. રાઝાને બે-ત્રણ ધોકા સોયૂઢયા. રાઝા વોણીયાની ધીરે ન ઝયા. પસે રાઝા કટીમાં ઝયા. બાવાને ખબેયૂર પડી કે વ્રત દાન ને મહાપુનવાળો રાઝા આવે સે એટલે ઝંડો લઈન બાવો સામા ઝયા. રાઝાને ઝંડે ઝંડે ખુબ માર્યા.

રાઝા તો તોય કટીમાં આવી ન બેસી ઝયા. થોડીક વારમાં પરભુનું વીમાન આયું. વીમાનવાળા બાવાને કે "હેંડો પરભુ સાયૂદે સે." બાવો કે "મું નીં આવું." વીમાનવાળા કે "ચમ નીં આવો?" બાવો કે "મારે ધીરે આ સાલો રાઝા આયો સે તે મારી કટી અભડાવી નાખે સે." વીમાનવાળા કે "એનેય પુંસડે વળગાડો." બાવાએ રાઝાને વીમાનના પુંસડે વળગાયૂડો. રાઝા તો ઝબ્બર વયૂળગો. વીમાન સડેડાટ સરગમાં ઝયું.

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

ફેરથી રાઝા ને બાવો સરગમાં ભમવા લાઝ્યા. રાઝાએ બાવાને પુયૂસુ કે "ઑંય ઓયલો હીરાનો મેલ થાતો તો ઇ ચોં ઝયો?" બાવે કીધું કે "ઇયોં હવે નરકની ખાયૂડ થઈ ઝી. એની માથે હાડચાં બેઠાં સે ને મોંય મોટા મોટા ઝીવડા પડ્યા સે. તું મરીશ તે દી એમોં પડીશ." રાઝા બાવાને કે "ચમ?" બાવો કે "તેં તારો ઝીવ બગાયૂડો સે ને, બ્રોમણની નોનકરીને પેણવાનું તે મન કયૂરુ સે એટલે."

રાઝા બાવાને કયે "હવે શું કરું?" બાવો કે "તું તારા ગૉમ ઝાઈન બાવો થઈ ઝાઝે. બ્રોમણની ઇ નોનકરીને રાઝપાટ આલી દઈન એને પેણાવી દે. તું ભીખ માગઝે. ઑમ કરયશ એટલે તને નરકની ખાયૂડ નંય મળે ને સરગમાં રખડતો ફરીશ."

પસે રાઝા ઇયોને ગૉમ આયા. ધીરે આવી બ્રોમણની નોનકરીને પેણાવીને રાઝપાટ બધ્ધુંય આલી દીધું. ને રાઝા બાવો થઈ ઝાઇને ઝંગલમાં ઝાતો રયો.

૨:૦ ભાષા-પૃથક્કરણ

૨:૧ ધ્વનિતત્ત્વીય :

(૧) **આં** (નાસિક્ય)નો **આં ~ ઑં** (**ઑ**) (વિકલ્પ) :

ઑં :

ઇયાં 'ત્યાં', રેતાં તાં 'રહેતાં હતાં', કટીમાં 'ઝૂંપડીમાં', સપાય્યાં 'સિપાઈઓ', લાવસાં 'લાવશું', ઝણાં 'જણો'.

ઑં (ઑ) :

પૉંસ 'પાંચ', પૉણી 'પાણી', ઑંગણે 'આંગણે', નૉનકરી 'દીકરી', સૉંઝે 'સાંજે', ગૉમ 'ગામ'.

(૨) અગ્રસ્વરો ઇ, **એ** અને અર્ધસ્વર **ય્** પૂર્વેના કંઠ્યોના તાલવ્યીકરણમાં વિકલ્પ. (અહીં મુખ્યત્વે અલ્પપ્રાણ કંઠ્યોનાં દૃષ્ટાંતો પ્રાપ્ત થાય છે.)
કે 'કે', કયે 'કહે', કીધું 'કીધું'.
ચમ 'કેમ', ચોં 'ક્યાં', મેચ્યો 'મૂકયો', મેયૂસુ 'મૂક્યું'.
ઝયો 'ગયો', ઝી 'ગઈ', ઝયું 'ગયું', ઝયા 'ગયા', ઝયાં 'ગયાં'.
મહાપ્રાણોમાં ઉદાહરણો **નાખે, ધીરે** અને **ધયૂરે** છે; એમાં તાલવ્યીકરણ થયું નથી.

(૩) બધા જ સ્વરો સાનુનાસિક મળે છે :

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

અં :

અંયાથી 'અહીંથી', ત્રંબાવટી 'નગરીનું નામ', નંય 'નહીં', મંયૂહા 'મંડયા'.

આં :

છયાં 'ત્યાં', લાવસાં 'લાવીએ', બીયાંને 'બંનેને', સપાચ્યાં 'સિપાઈએ.

ઈં :

ઈંયોથી 'ત્યાંથી', ઈંયોને 'તેના', (પોતાના), નીં 'નહીં', ઈંયાં 'ત્યાં'.

ઉં :

મું 'હું', આયું 'આવ્યું', મેયૂલું 'મૂક્યું', તું 'તું'.

એં :

મેં 'મેં', તેં 'તેં'.

ઓં :

ખોંવ 'ખાઈએ', આપોં કને 'આપણી પાસે', આંપોં 'આંપીએ'.

ઍં :

પસેં 'પછી', હેંડતો 'ચાલતો', ત્રણસેં 'ત્રણ સો'.

ઑં :

ઑંય 'અહીં', ચોં 'ક્યાં', રોં 'રહીએ'.

(૪) ઑં પૂર્વેનો વ્ જળવાય છે :

વૉણીયો 'વાણિયો', વૉણીયાણી 'વાણિયણ'.

(૫) ઈં નો ઈં ~ એં (વિકલ્પ) :

ઈં :

ઈંગોયે 'તેઓએ', નીં 'નહીં', વીમાન 'વિમાન'.

એં :

પસેં 'પછી', હેંડો 'ચાલો'.

(૬) ઇ, ઍ, ય્ પૂર્વેના વ્ વિકલ્પે લુપ્ત થાય છે :

આવી 'આવી', વેલો 'વહેલો'.

આયો 'આવ્યો', લાયા 'લાવ્યા'.

ય્ પૂર્વેનો વ્ ટકી રહેવાનાં અને ઇ તેમ જ ઍ પૂર્વેના વ્ લુપ્ત થવાનાં દૃષ્ટાંતો આ સામગ્રીમાંથી પ્રાપ્ત થતાં નથી.

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

(૭) ચ્ અને છ્ નો સ્ :

ચ્ :

પાંસ 'પાંચ', પસા 'પચાસ', કાસું 'કાચું', સોડી 'ચોડી'.

છ્ :

પુસાં 'પૂછીએ', સે 'છે', સો '૭', સોકરો 'છોકરો'.

(૮) શ્ નું અસ્તિત્વ :

શું 'શું', વીશણુ 'વિષ્ણુ', મરીશ 'મરીશ'.

(૯) સ્ નો સ્ :

સ્તાર 'સતાર', સ્ધરો 'સારો', બસ઼ 'બસો', બેસાય્રો 'બેસાડ્યો'.

આમ આ સામગ્રીને જોતાં આ ભાષા-સ્વરૂપમાં શ્, સ્, સ્ની હસ્તી માલૂમ પડે છે.

(૧૦) ળ્નું અસ્તિત્વ :

કુળશ્યો 'લોટો', ફળ 'ફળ'.

(૧૧) અંત્ય સ્વરોમાં અનુસ્વારની ઉપસ્થિતિ :

ગોદડાં લીધાં, રેતાં તાં, મું, તું, આયું, નીં, મેં, તેં, પસેં, આલોં આપોં, કનેં, વગેરે.

(૧૨) જ્ નો ઝ્ (સંઘર્ષી) :

ઝાઈને 'જઈને', રાઝા 'રાજા', આઝ 'આજ',

(૧૩) સમર્મર સ્વરોનો અભાવ :

બ્રોમણ 'બ્રાહ્મણ', દાડો 'દહાડો', મેલ 'મહેલ'.

(૧૪) કેટલાંક અતંત્ર પરિવર્તનો :

ખ્ નો વ્ : ડાવે 'ડાબે'.

ત્ય્ નો ચ્ : એવી રીચે : 'એવી રીતે (રીત્યે)'.

શ્નો શ્ય્ : શ્યું 'શું'.

પરંતુ કોઈ વાર શ્નો સ્ અને શ્નો સ્ જેવાં દૃષ્ટાંતો પણ મળે છે : નાખસે 'નાખશે', આયોસ '(હું) આવીશ.'

(૧૫) અંત્ય સ્થાનના એના અ થવાના વલણનો અભાવ :

એને 'તેને', ઝડે 'જડે', કને 'કને' ('પાસે'), ઘીરે 'ઘેર', આલે સે 'આપે છે', શું સે 'શું છે', સાયૂદે સે 'બોલાવે છે', પસેં 'પછી'.

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth, Nashik

(૧૬) અઘરસ્થાને હ્નું અસ્તિત્વ :

હ્‌તો 'હતો', હાડયા 'કાગડા', હીરા 'હીરા'.

(૧૭) આ બધાં ધ્વનિગત લક્ષણો ઉપરાંત આ ભાષા-સ્વરૂપમાં લઘુપ્રયત્ન ય્ કારની વિવિધતા અને અ ના આગમ જેવાં લક્ષણો પણ જોવા મળે છે :

ઝણાય્‌વુ, બાળેય્‌શ, ઉદાય્‌શ, ધ્રય્‌રે, બાય્‌ળશે, બય્‌રી, પુય્‌સુ, કોય્‌શ ~ કોંય્‌શ, ઓય્‌શીયાળા, મય્‌ળશે, ઉય્‌ઠા, બાય્‌રે, બેસાય્‌રો, મંય્‌ડા, સપાય્‌ચાં, મેય્‌લું, સોગય્‌નમાં, હય્‌શે, બેય્‌સશે, કય્‌રો, ખબેય્‌ર, સોય્‌ડ્યાં, સાય્‌દે, વળગાય્‌ડો, વય્‌ળગો, ખાય્‌ડ, બગાય્‌ડો, કરય્‌શ.

પરભુ, સરગ, અરથ આદિ આગમનાં દૃષ્ટાંતો છે. કોઈ વાર આથી ઊલટું 'ત્રત દોન'માંના ત્રમાં છે તેમ પ્રથમાક્ષરના અનો લોપ પણ જોવા મળે છે ખરો.

૨:૨ રૂપતત્ત્વીય :

નામ (૧) લિંગ :

આ ભાષા–સ્વરૂપમાં નામિક રૂપાખ્યાનમાં પું. સ્ત્રી, અને નપું. લિંગ એવી ત્રિલિંગી, પ્રત્યયયુક્ત તેમ જ પ્રત્યયરહિત એમ બંને પ્રકારની વ્યવસ્થા (માન્ય ગુજરાતીની જેમ) છે. સામાન્ય રીતે આ માટેના પ્રત્યયો –ઓ, –ઈ, અને –ઉં છે.

પ્રત્યય યુક્ત :

(પું.) રોટલો, સોકરો. (સ્ત્રી.) બ્રામણી, નોનકરી; (નપું.) ઝાડ્‌ખું, ગોદડું.

પ્રત્યય રહિત :

(પું.) ભીલ, મેલ; (સ્ત્રી.) રાત, ઝોણ; (નપું.) સવાર; દોન.

આ સિવાય સ્ત્રીલિંગમાં **ભીલડી** અને **વોણીયાણી** દૃષ્ટાંતોમાં અનુક્રમે –ડી અને **–આણી** પ્રત્યયો પણ મળે છે.

(૨) વચન :

વચન પરત્વે જોતાં પણ (મા. ગુ. ની જેમ) એ.વ. અને બ.વ. એમ બે વચનોવાળી વ્યવસ્થા છે. પું. ના –આ, –ઓ અને –યાં અને

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

નપું.ના –આ તથા –ઓં પ્રત્યય મળે છે. સ્ત્રી. બ.વ. આ સામગ્રીમાંથી પ્રાપ્ત થતું નથી.

ઉદાહરણો : (પું.) સોપડા, નીલો, સપાચ્યાં; (નપું.) ગોદડાં.

બ.વ.માં સાનુસ્વાર –આં નું ટકી રહેવું તે આ ભાષા–સ્વરૂપનું નોંધપાત્ર લક્ષણ છે. **રેતાં તાં, મરી ઝ્યાં** આદિ આનાં ઉદાહરણો છે.

સર્વનામ

સ્વવાચક સર્વનામની વ્યવસ્થા નીચે મુજબ છે :

મું 'હું'	અમો	'અમે'
	આપે	'આપણે'
તું~ત 'તું'	તમે ~ તમો તમોં ~	'તમે'
ઈ ~ એ 'એ'	ઈંયો	'તેઓ'

આપે ('આપણે')માંના અંગ **આપ્**નું બ.વ. સૂચિત–હોય તો **ઓ** પ્રત્યય અને પુ. સ્ત્રી. એમ સંયુક્ત સૂચિત હોય ત્યારે **ઓં** પ્રત્યય લાગ **છે.** પરોક્ષ (અનુગો પૂર્વેનું) **આપો** (પું) કે **આપોં** (પું. સ્ત્રી. સંયુક્ત) છે :

આપોને (=સિપાઈઓને) ચમ આલતો નથી ?

આંપોં કને (=ભીલ અને ભીલડી પાસે) બે રોટલા સે.

આખ્યાત

સાદાં અને સંયુક્ત એમ બંને પ્રકારનાં ક્રિયાપદો પ્રવર્તે છે. આલવું, આપવું, મેલવું, મેકવું, ઝીલાડવું વગેરે પ્રથમ પ્રકારનાં અને આલવા મંડવું, થઈ ઝાવું, આલી દેવું, રખડતા ફરવું, ઝાતા રેવું વગેરે બીજા પ્રકારનાં દૃષ્ટાંતો છે.

આમાં પહેલો, બીજો અને ત્રીજો એમ ત્રણ પુરુષની અને એકવચન તેમ જ બહુવચન એમ બે વચનની વ્યવસ્થા છે.

આ ઉપરાંત કાળ પરત્વે વર્તમાન, ભૂત અને ભવિષ્ય એવી ત્રણ કાળની વ્યવસ્થા તો છે જ, પણ આ પ્રત્યેક કાળમાં ચાલુ અને પૂર્ણ કે નજીકની અને દૂરની ઇત્યાદિ જેવી સૂક્ષ્મ અવસ્થાઓ પણ પ્રવર્તમાન હોવાનો સંભવ છે.

વર્તમાનકાળ :

વર્તમાનકાળની પુરુષ–વચનવ્યવસ્થાના પ્રત્યયો આ મુજબ છે :

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

	એ.વ.	બ.વ.
પ્ર. પુ.	–ઉ∼ઉં	–આં∼ઓં
બી. પુ.	–	–ઓ
ત્રી. પુ.	–એ	–એ

વર્તમાનકાળનું સહાયકારક ક્રિયારૂપ –સ છે.

આ સામગ્રીમાં બી. પુ. એ.વ.નું રૂપ પ્રાપ્ત થતું નથી.

ભૂતકાળ :

ભૂતકાળનો સામાન્ય પ્રત્યય ય્ છે. તેના પછી લિંગવાચક અને વચનવાચક પ્રત્યય આવે છે. વ્યંજનાન્ત અંગોનાં ભૂતકાળનાં રૂપોમાં અંગના અંત્ય વ્યંજન અને ય્ નો સામાન્યતઃ વ્યત્યય થાય છે.

ઉદાહરણો : આયો, થયો, ઝયો, ઝયા, ઝયાં, આયું, ઝોયું, રયા, લવરાયો, આયું, લાગો, હેંડયુ, મેરગો, આલ્યા, આપ્યા, સોડી, પડી, કરી, કય્રો, કય્રા, પુય્સુ, આય્લું, મેય્લું, ઝણાય્વુ, મંય્હા, ઉય્કા, પય્ડા, બેસાય્રો, વળગાય્ડો.

આ ઉપરાંત કવચિત્ –ધ્– –ઠ્– જેવા પ્રત્યયો છે :

કીધું, બેઠો, દીધું.

સહાયકારક હોનાં રૂપ: હતો, હતા (ટૂંકાં રૂપ તો, તા.)

નિષેધવાચક સાથે નોતો, નોતી.

ભવિષ્યકાળ :

ભવિષ્યકાળની પુરુષ–વચનવ્યવસ્થાના પ્રત્યયો આ મુજબ છે :

	એ.વ.	બ.વ.
પ. પુ.	– શ – એય્શ – ઓય્શ – ઓંય્શ – યોસ	– શાં
બી. પુ.	– ઈશ – અય્શ	
ત્રી. પુ.	– શે – સે	– શે

અન્ય :

આ સિવાય ભવિષ્ય (કે મંદ) આજ્ઞાર્થ માટે –જો પ્રત્યય (આવજો), કર્મણિના – આ પૂર્વે – ર્ – નો આગમ (લવરાયો), – ઓકારાંત

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

નામોમાં, તૃતીયાનો-એ અંગરૂપ કરતાં મૂળરૂપને જ લગાડવાનું વલણ (આવે, ઘોડ વાળીચે), નકારાર્થે ન, ની, ન ચ અને નથી અને લઘુપ્રયત્ન યકારનો બે વાર પ્રયોગ જેવાં લક્ષણો આ ભાષા-સ્વરૂપની અન્ય રૂપતત્ત્વીય વિશેષતાઓ છે.

૨ : ૩ વિશિષ્ટ શબ્દો

અમો (સ.) અમે, અમારી
આપ (સ.) આપણ
આલવું (ક્રિ.) આપવું
ઈ (ત્રી. પુ. એ. વ.) તે
ઈચે (ક્રિવિ.) ત્યાં
ઈચોય (સ.) તેઓ (ત્રી. પુ. બવ.)
ઈંચો (ક્રિવિ.) ત્યાં
એવી રીચે (વિ.) એવી રીતે
ઓયૂશીયાળો (વિ.) ઉદાસ
ઓસરીયો (પુ) ઓસરીનો ભાગ
ઑમ (વિ.) આમ
કટી (સ્ત્રી.) ઝૂંપડી
કડુક(ખ)લો(પું.) બાજુ
કરવું (ક્રિ.) બજાવવું
કળશ્યો (પું.) લોટો
કાકા (પું.) પિતા' 'બાપ' માટે આ ઉક્તિ પ્રચલિત છે.
કૉંઈ (વિ.) કશી, કંઈ
કૉંટા (પું. બ. વ.) કાંટા
ખબેયૂર (સ્ત્રી.) ખબર
ખાવું (ક્રિ.) ભોજન લેવું
ગમ (સ્ત્રી.) ખબર
ઘીર (ન.) ઘર
ચ્યમ (ક્રિ. વિ.) કેમ
ચ્યાં (ક્રિ. વિ.) ક્યાં
ઝંડો (પું.) લાકડી સાથેની ધજા
ઝાઝ (પું.) વિમાન
ઝાડ્ખુ (ન.) ઝાડ
ઝાનવર (ન.) પ્રાણી, જાનવર
ઝીલાડ્વુ (ક્રિ.) નવડાવવું
ડાવુ (વિ.) ડાબું
ત (સ.) તું (બી. પુ. એ. વ.)
તમે (સ.) તમે (બી. પુ. બ. વ)
તમો (સ.) તમે
ત્રત (ક્રિ. વિ.) તરત
ત્રૉંબુ (ન.) તાંબું
દાડો (પું.) દિવસ
દીઅ (પું.) દિવસ
દૉન (ન.) દાન
નકા (ક્રિ. વિ.) નહિતર
નૉનકરી (સ્ત્રી.) દીકરી
પરોણો (પું.) મહેમાન
પસેં (અ.) પછી
પાલી (સ્ત્રી.) લોટ માટેનું એક માપિયું
પુન (ન.) પુણ્ય
પુસવું (ક્રિ.) પૂછવું
પૉણી (ન.) પાણી
પૉંસ (વિ.) પાંચ
ફેર (ક્રિ. વિ.) ફરીવાર
બાંળવું (ક્રિ.) સંળગાવવું
બીય (વિ.) બંને
બ્રૉમણ (પું.) બ્રાહ્મણ

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

ભ્રામણી (સ્ત્રી.) બ્રાહ્મણી
મું (સ.) હું (પ્ર. પુ. એ. વ.)
મેકવું (ક્રિ.) મૂકવું
લાવવું (ક્રિ.) લઈ આવવું
વચૂરી (ક્રિ. વિ.) વળી
વસ્સાર (પું.) વિચાર
વોણીયો (પું) વાણિયો
શ્યું (સ.) શું
સપાચ્યાં (પું. બ. વ.) સિપાઈઓ
સોગચ્ન (ન.) ધરતી અંદરનો ભાગ ?
સુદાય (ક્રિ. વિ.) હમેશાં
સુધરો (વિ.) સારો
સુરગ (ન.) સ્વર્ગ
સાયદવું (ક્રિ.) બોલાવવું
સોંઝ (સ્ત્રી.) સાંજ
હાડચો (પું.) કાગડો

૨ : ૪ વાક્યતંત્રવીય

૧. મું કને આવઝો.
૨. રાઝા તમે અમો કને આવો રા.
૩. મું ત કને આયોસ,
૪. મારા કને આવઝો.
૫. તમો સારુ થાય સે.
૬. વોણીયે રાઝાને ઘચૂરે તેડી લાયા.
૭. પસે વોણીયે ઈ સોકરાને રાઝા કને લાયો
૮. પસેં બેય ઊંઘય ઝયા.
૯. ભ્રામણ...ત્રાંબાની થાળી ને લોટો લવરાયો.
૧૦. નીલોં કોંટામાં તને બાળેયશ.
૧૧. આઝ તો કોંય કીધાની વાત નથી.
૧૨. વોણીયાણીને સોકરો ધાવણો થયો.
૧૩. પણ તોય કો તો ખરી ?
૧૪. આવો રા.
૧૫. નોનકરી સે એનેં પેણીન લાવો રી.
૧૬. રાઝા ભીલ કને ઝયા પરા.
૧૭. ભીલડીએ રોટલા માથે થુચ્યુ પરું.
૧૮. પસે બીય વીમાનમાં બેઠા પરા.

વાક્ય નં. ૧થી ૫ માં (નં. ૪ને બાદ કરતાં) **કને** અને **સારુ** પૂર્વે માન્ય ગુજરાતીમાં **આર** વાળું અંગ આવશ્યક છે, જ્યારે અહીં સર્વનામનું રૂપ જ સીધું આવી શકે છે. વાક્ય ૪ માં માન્ય ગુજરાતીની અસર સ્પષ્ટ વરતાય છે. વાક્ય ૬થી ૯ કર્મણિ પ્રયોગને લાગતાં છે. માન્યમાં જ્યાં

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

સાદી રચનાથી ચાલે છે તેની રચનામાં અહીં કર્મણિનો ઉપયોગ જણાય છે. વાક્ય ૯માં કર્મણિના –આ પૂર્વે–ર–નો આગમ એ વિશેષતા છે.

વાક્ય ૧૦ થી ૧૩ માં આ ભાષા–સ્વરૂપના વિશિષ્ટ પ્રયોગો છે. ૧૦–થી ૧૨ માં '**નીલે કાંટામાં બાળવું**,' '**કાધાંનીવાત ન હોવી**' અને '**છોકરો ધાવણો થવો**' એ રૂઢિપ્રયોગો છે. આના અર્થ અનુક્રમે 'આકરી સજા કરવી', 'ખૂબ ગંભીર બાબત બનવી' અને 'પુત્રનો જન્મ થવો' એવા છે.

જ્યારે વાક્ય ૧૩ માં પું.ને સંબોધન હોવા છતાં 'ખરી' એવો સ્ત્રીલિંગ પ્રયોગ વિશિષ્ટ છે.

વાક્ય ૧૪થી ૧૮ માં આ ભાષા–સ્વરૂપની વિશેષતા ગણાવી શકાય તેવા **રા** અને **પરા**ના પ્રયોગો છે.

રા થી કંઈક માનનું સૂચન થતું જણાય છે અને **પરા**થી ક્રિયાંનું પૂર્ણપણું તથા ગુજરાતી 'ચાલો ત્યારે'માંના 'ત્યારે'માં જણાય છે તેવો કંઈક પરવશતાનો અર્થ પણ છુપાયેલો લાગે છે. ઉ. ત. **હેંડા પરા.**

૩ : ૦ સમાજવૈજ્ઞાનિક :

આ ભાષા–સ્વરૂપમાં દીકરી પોતાના બાપને **કાકા** કહે છે તે સંબોધનાત્મક નથી પરંતુ 'બાપ' માટે વપરાતો સગાઈસંબંધસૂચક શબ્દ છે. ખાસ કરીને ચૌધરી પટેલોમાં આ પ્રચલિત છે.

તેવી જ રીતે ભીલ જ્યારે રાજાને આવકારે છે ત્યારે **તમે, આવો રા** વગેરે માનસૂચક શબ્દપ્રયોગો પ્રયોજે છે. આ જ રીતે વાણિયો અને બાવો પણ રાજાને '**તમો**' ઉક્તિથી સંબોધે છે. રાજાને આવતો જોયો હતો ત્યારે વાણિયો તો તેની '**સોમો ગયો**' હતો આમ થોડાં ડગલાં સામે ચાલવું એ આવકાર આપવામાં વિશેષ માનની સૂચક ક્રિયા છે.

પરંતુ આ જ રાજા પ્રત્યે તિરસ્કાર દર્શાવવા માટે બાવો '**તું**'નો પ્રયોગ કરે છે.

ઉપરાંત રાજામાં રાજાપણું હતું ત્યારે બાવો તેને વિમાનમાં પોતાની સાથે બેસાડીને સ્વર્ગમાં લઈ જાય છે પરંતુ સામાજિક મૂલ્યનું ઉલ્લંઘન કરવાની વૃત્તિ દર્શાવ્યા બાદ તેને ફરીથી વિમાનના પૂંછડે વળગાડીને લઈ જાય છે!

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

ભાષાગત અન્ય વિશેષતાઓ

અહીં પ્રસ્તુ કરેલી આ વિશેષતાઓ આપેલી સામગ્રીમાં આવતી નથી. ૧૯૯૭ના માર્ચની ૯મી ૧૫ મી તારીખ સુધીના ક્ષેત્રકાર્ય વખતે અનેક બેઠકોમાંથી સહભાગી નિરીક્ષણ–પદ્ધતિએ તારવી કાઢેલી ભાષાસામગ્રીમાંની કેટલીક વિશેષતાઓ અહીં પ્રસ્તુત કરી છે. આ દ્વારા અહીં પૂર્તિ કરવામાં આવી છે.

(૧) સ્ત્રી. બ.વ. માટે –**આં** પ્રત્યય : વાતાં (સ્ત્રી. બ. ન.) 'વાતો,' ગીતાં (સ્ત્રી. બવ.) 'ગીતો'

(૨) ભવિષ્યકાળમાં પ્ર. પુ. એ,વ. માં –**ઓસ્** અને –ઈસ્ પ્રત્યય : મું આયોસ્. આયીસ્.

(૩) નકારાર્થે **મત**નો પ્રયોગ : મશ્કરી મત કરો.

(૪) આ ઉપરાંત નીચેના પ્રયોગો આ ભાષાસ્વરૂપની વિશેષતાને છતી કરે છે :
પ્રશ્ન કરવી (ક્રિ.) 'ડાયરો કરવો, બેઠક કરવી'
ધોયણ છયો સે–'જાણીતો થઈ ગયો છે.'
છેપા કરે સે – 'નકામી વાતો કરે છે.'
એરુ શમી ઝાવો–'સાપ કરડવો.'
ગધ્રાડાં કાઢવાં 'નહીને મેલ ટાઢવો.

આ ઉપરાંત નીચેની ઉક્તિઓ પણ વિશિષ્ટ છે :

કુંવાશ્સી (સ્ત્રી.) 'કુમારી', આડીયો (પું.) 'સાપ', કુંસ્ટ (સ્ત્રી.) 'અટક', સંગ (વિ.) 'સાવચેત', સુધરો (વિ.) 'સારો', વાહવાહ (વિ.) 'ખૂબ.',

ઉ. ત. વાહવાહ સેટુ 'ખૂબ દૂર.' (આ પ્રયોગ આ લેખકે બરાબર આ જ અર્થમાં પંજાબના અમૃતસર પાસેના ગામડામાં પણ સાંભળ્યો છે.) ઝમણે કડુખલે–'જમણી બાજુ', પોતરો (પું.) 'પૌત્ર', તોતરો (પું.) 'પ્રપૌત્ર'.

વળી **લખધીરો**, **પથાણો** વગેરે કહીને બોલાવવામાં સામાન્યપણું છે, પરંતુ **લખધીરિયો**, **પથાણિયો** વગેરે અપમાનજનક ગણાય છે.

□

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

ધ્વનિઘટકની વિભાવના : બ્લૂમ્ફીલ્ડ પછીનાં વીશ વર્ષ—૩

ભારતી મોદી

પાયૂક : ફોનીમિક્સ

હવે છેલ્લે આપણે પાયૂક અને બ્લૉકના ફાળાઓને નોંધીએ. બ્લૂમ્ફીલ્ડીય પ્રણાલિના પ્રખર ભાષવિજ્ઞાની તરીકે પાયૂકને ગણવા પડે તેનાં ત્રણ કારણો ગણાવીએ. એક એવું કે પાયૂકે ધ્વનિસ્વરૂપ શોધવા માટેની વિધિગત નિરૂપણપદ્ધતિ અભ્યાસુને સહજ પ્રાપ્ય બને એ રીતે પ્રથમ વાર જ રજૂ કરી. તો બીજું એવું કે બીજા ભાષાવિજ્ઞાનીઓના (એમના જમાનાના) ભાષાના સ્તરોને એકબીજાથી તદ્દન અલગ રાખી તપાસવાના પ્રયત્નોને 'કમ્પાર્ટમેન્ટાલિઝમ'ની હાસ્યાસ્પદ પ્રવૃત્તિ કહી જાહેરમાં વખોડયા. અને ત્રીજું એવું કે એમણે વાકયતત્ત્વના અભ્યાસને વાકયમાં આવતાં રૂપો અને પદોના સંબંધો તપાસી જુદી રીતે 'ટૅગ્મીમિક્સ' વ્યાકરણમાં રજૂ કર્યો. આમાંથી ત્રીજા કારણ સાથે આપણને નિસ્બત નથી. અહીં આપણે પહેલાં બેને જ જોઈએ.

બ્લૂમ્ફીલ્ડીય ધ્વનિસ્વરૂપને તપાસતાં અનિવાર્ય રીતે નોંધવું જ પડે એવું પુસ્તક તે પાયૂકનું 'ફોનીમિક્સ'. ઘણાં વર્ષો સુધી અમેરિકામાં ધ્વનિસ્વરૂપના અભ્યાસનું એ બાઈબલ બન્યું હતું. જો ધ્વનિસ્વરૂપનો અભ્યાસ કરવો હોય તો 'ફોનીમિક્સ' તો વાંચવું જ પડે. આવો મોભો પ્રાપ્ત કરનાર આ પુસ્તક અભ્યાસક્રમમાં બીજાં પુસ્તકો ન હતાં માટે જ મહત્ત્વનું બન્યું એમ ન કહેવાય. પરંતુ એ પુસ્તક એટલે બ્લૂમ્ફીલ્ડીય ધ્વનિસ્વરૂપના સૈદ્ધાંતિક અને નિરૂપણપદ્ધતિગત બધા જ મહત્ત્વના પ્રશ્નોનું પ્રતિનિધિત્વ કરતું પુસ્તક. અલબત્ત, આપણે અહીં પુસ્તકનું અવલોકન કરવા નથી બેઠા. પણ બ્લૂમ્ફીલ્ડીય નિરૂપણપદ્ધતિને સમગ્ર રીતે એક ઠેકાણે અહીં રજૂ થયેલી જોઈએ છીએ એટલે પુસ્તક ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું જ પડે.

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

સૌથી પ્રથમ તો એમણે દરેક ભાષામાં સામાન્યપણે દેખાતાં ધ્વનિ-ઉચ્ચારણોની ઝીણામાં ઝીણી વિગતોની નોંધ લીધી. બ્લૂમ્ફીલ્ડીય ભાષાવિજ્ઞાની માટે 'ધ્વનિવિજ્ઞાન'ના અભ્યાસનું પહેલું પગથિયું ધ્વનિસ્વરૂપના અભ્યાસ માટે કેટલું અનિવાર્ય છે તે એમણે બતાવ્યું. 'ધ્વનિવિજ્ઞાન' ઉપર જ એમનાં શરૂઆતનાં પ્રકરણો કેન્દ્રિત થયાં છે. 'ફોનીમિક્સ'ના સ્તરનો આધાર 'ફોનેટિક્સ'ના સ્તર ઉપર કેટલો છે તે અહીં સ્પષ્ટ થાય છે. આ પુસ્તકનું નામ જ એની નેમ સૂચવે છે: ભાષાના પ્રાપ્ત ધ્વનિખંડોની સામગ્રીમાંથી ભાષાનું ધ્વનિસ્વરૂપ તારવવું હોય તો તે માટે કોઈ વ્યવસ્થિત અને અનુભવ-સિદ્ધ પદ્ધતિ ભાષાવિજ્ઞાનીએ શોધવી જ જોઈએ. પાયક, ગ્લીસન વગેરે જેવાઓની મુખ્ય નેમ ધર્મપ્રચારની હતી. તેથી જેમને લિપિ ન હોય તેવી ભાષાઓનાં ધ્વનિસ્વરૂપ નક્કી કરવા માટેનાં વ્યાવહારિક પગલાં શોધવામાં એમણે ઘણી જહેમત ઊઠાવી. એમની આવી જહેમત ભાષાવિજ્ઞાનીને તો ઉપકારક જ નીવડી, કારણ એમના જેવું ધ્યેય ન હોય તો નિરૂપણપદ્ધતિ માટે – એને મઠારવા માટે – આટલો સમય અન્ય ભાષાવિજ્ઞાની ન આપી શક્યો હોત. પણ સાથે આવી 'વ્યાવહારિક' રીતે જોવાની પદ્ધતિ એમને નડી પણ ખરી, અને તે એ રીતે કે એ લોકો સૈદ્ધાંતિક પ્રશ્નો ઉપર પૂરતું ધ્યાન આપી શકયા નહિ. જો કે પાયકે સૈદ્ધાંતિક પ્રશ્નો તરફ આંગળી ચીંધી બ્લૂમ્ફીલ્ડીય પ્રણાલીના દોષો સ્પષ્ટ કર્યા છે.

પ્રેમિસીઝ : પહેલા ચાર પ્રેમિસ

પાયકે આ પુસ્તકમાં માત્ર વ્યાવહારિક રીતે ઉપયોગી એવાં પૂર્વસાધિત વિધાનો કે પ્રતિજ્ઞાઓ ('પ્રેમિસીઝ') રજૂ કર્યાં છે. આ 'પ્રેમિસીઝ' પ્રયોગશાળાની પદ્ધતિ જેવાં છે. આવાં અનુભવસિદ્ધ વ્યાવહારિક વિધાનો વડે ભાષાની લિપિ – ભાષાના ધ્વનિઘટકો તારવી એમને માટે સંકેતો નક્કી કરવા તે – શોધી શકાય અને આ લિપિ ભાષકના પ્રતિભાવ ઉપર આધાર રાખે એવી હોય. એમનું કહેવું છે કે આ પ્રેમિસીઝ વડે કોઈ પણ ભાષાના ધ્વનિઘટક સાધ્ય કરી શકાય. આ પ્રેમિસીઝ અને કેટલીક વિધિગત પદ્ધતિઓ રજૂ કરવા એમણે ઉચ્ચારણગત એવી વૈશ્વિક લાક્ષણિકતાઓને લક્ષમાં લીધી.

સૌથી પહેલા જ 'પ્રેમિસ'માં એમણે એક ધ્વનિની એની આગળ-પાછળના સંદર્ભમાં આવતા ધ્વનિઓ ઉપર થતી અસર અને પરિવર્તન તરફ આંગળી ચીંધી કહ્યું કે આવી અસરો એ ઉચ્ચારણગત પ્રક્રિયાનું સ્વાભાવિક

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

પરિણામ હોવાથી ધ્વનિઘટકના સ્તર ઉપર એનું કોઈ મહત્ત્વ નથી; જેમ કે ઘોષ ધ્વનિનું શબ્દાન્તે અઘોષ થવું અથવા અઘોષ ધ્વનિનું બે સ્વરોની મધ્યમાં આવવાથી ઘોષ થવું વગેરે. આમ ભાષામાં અ-સૂચક રહેતી આવી પરિવર્તનની પ્રક્રિયા ચાલુ રહેતી હોય એ વાતનો નિર્દેશ પાયૂકે કરી લીધો.

બીજા 'પ્રેમિસ'માં એક અગત્યનો પ્રશ્ન ચર્ચ્યો છે. એ કહે છે કે ભાષાનું સ્વાભાવિક વલણ ઉચ્ચારણગત વ્યવસ્થા સ્થાપવા–જાળવવા તરફ હોય છે. આની સાથે ઘણા સૈદ્ધાંતિક મુદ્દાઓ સંકળાયેલા છે. ભાષામાં ક્યારેક સમરેખતાનો ભંગ થઈ અ-સમરેખતા ('એસિમેટ્રી)નું નિર્માણ થાય; જેમ કે કોઈ ભાષાના ધ્વનિઓની શ્રેણીઓનો એકાદ ધ્વનિ તદ્દન અદૃશ્ય થઈ જાય અથવા તદ્દન નવો ધ્વનિ દેખા દે અને બન્ને રીતે અસમરેખતા ઊભી થાય.

આમ થવાનું કારણ ઐતિહાસિક હોય. ગુજરાતીમાં જેમ અમુક બોલીઓમાંથી [ph] તદ્દન અદૃશ્ય થઈ ગયો છે અને એને સ્થાને [f] કે [ф] દેખાય છે તેને એક રીતે 'એસિમેટ્રી' કહીએ. પણ જે બોલીઓમાં [f] એ દેખા દીધી એ જ બોલીઓમાં એનો પ્રતિરૂપ [v] પણ દેખાય છે, તો ભાષાનો ઉચ્ચારણગત સમરેખતા તરફનો ઝોક સ્પષ્ટ થાય છે જ. મરાઠીમાં [ts, tsh, dz, dzh] એમ બધા જ એક ગણ તરીકે આવી ગયા ! આમ દરેક ભાષામાં કોઈ ફેરફારો થાય તો ય સમરેખતા તરફની ગતિ દેખાવાની. જ્યારે અસમરેખતા થાય ત્યારે કોઈ બીજા પ્રકારનું સમતોલન થાય છે. જો કે પાયૂકે આ ઐતિહાસિક મહત્ત્વને અહીં લક્ષમાં લીધું નથી. સાચી રીતે તો કોઈ પણ પ્રકારની "સ્વાભાવિક ગતિ કે પ્રક્રિયા"ની વાત કરીએ કે તરત જ ઇતિહાસના સંદર્ભમાં જ જોવું પડે. કારણ 'વલણ' એ સમયપરક શબ્દ છે. સમરેખતા સ્થપાઈ એમ કહીએ એનો અર્થ કોઈ વલણ પ્રવર્ત્યા પછીની પ્રાપ્ત સ્થિતિ. આ 'પ્રેમિસ' આમ ઇતિહાસલક્ષી ગૂઢ પ્રશ્નો તરફ લઈ જાય છે.

સાચી રીતે તો પાયૂકે અહીં એમના ચોથા 'પ્રેમિસ'ને મૂકવો જોઈતો હતો. કારણ, ત્યાં એમણે બંધારણીય પરિબળોની વાત કરી છે. આથી સમરેખતાથી–બંધારણ જેવા સંબંધિત પ્રશ્નો સાથે મૂક્યા હોત તો સમગ્રપણે એના મુદ્દા જોઈ શકાયા હોત. એમણે કહ્યું કે કેટલીક ભાષાઓમાં દેખાતા શંકાસ્પદ ધ્વનિઓનું (જે ધ્વનિઓ હજી ધ્વનિઘટક તરીકે સ્થાપિત થયા ન હોય તેવાનું) નિરાકરણ ભાષાના સ્થાપિત બંધારણની મદદ વડે કરાય,

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

અથવા તો કહીએ કે એક જાતનું બંધારણગત દબાણ લાવી શંકાનું નિરાકરણ કરી શકાય. આમ પાયક ભલે વ્યાવહારિક વાત કરતા હોય. એમનો આ 'પ્રેમિસ' ભાષાને ઐતિહાસિક રીતે પ્રાપ્ત ધ્વનિસ્વરૂપને સારું એવું મહત્ત્વ આડકતરી રીતે આપે છે.

(ભાષાવિજ્ઞાની પરદેશી ભાષાના ધ્વનિઘટક શોધવા જતાં ક્યારેક એક ઘટક હોય તો ય એને બે ઘટકોનો બનેલો ગુચ્છ ('ક્લસ્ટર') માને અને ખોટું ખંડવિભાજન કરવાની ભૂલ કરી બેસે, ત્યારે પણ આ ચોથા 'પ્રેમિસ' વડે એવી ભૂલમાંથી ઊગરવાનું શક્ય બને.) તો બ્લૂમ્ફીલ્ડીય ભાષાવિજ્ઞાની ઘણા ઊંડા અને ઉદ્બોધક મુદ્દાઓને સહેજ માટે ચૂકી ગયો. એ છેક સુધી ગયો અને બારણે હાથ અડકાડી ફરી ગયો એનો આપણને વસવસો રહે. એ વ્યવસ્થા, બંધારણ અને આગાહી કરી શકાય તેવી ક્ષમતા ('પ્રિડિક્ટેબિલિટી')-ના સંબંધો રજૂ કરી શક્યો નહિ તેનો મૂર્તિમંત દાખલો પાયૂકના 'પ્રેમિસ' છે. એ વાત ખરી કે એમનો હેતુ માત્ર ક્ષેત્રકાર્યની વિધિપદ્ધતિ આપવાનો હતો. પરંતુ એમના લખાણમાંથી ઊભા થતા પ્રશ્નોને કોઈએ પછીથી ચર્ચ્યા નહિ. આ હકીકત અહીં નોંધવાનું મુખ્ય કારણ એવું કે "નિરૂપણપદ્ધતિ સિદ્ધાંતની પૂર્તિ માટે કે સિદ્ધાંત નિરૂપણપદ્ધતિની પૂર્તિ માટે" એવું પૂછવાનું મન થાય એવી આ લોકોની પ્રવૃત્તિ રહી.

હવે ત્રીજો 'પ્રેમિસ' જોઈએ. એમણે કહ્યું કે ક્યારેક ભાષાધ્વનિનું સ્વાભાવિક વલણ આમથી તેમ ચલાયમાન બનવા ('ફ્લક્ચ્યુએયૂશન') તરફ હોય છે. આ પ્રક્રિયા કેવી હોય? અમુક એક નિશ્ચિત સંદર્ભમાં ક્યારેક એક ધ્વનિ કર્ણગોચર થાય, તો ક્યારેક બીજો ધ્વનિ કર્ણગોચર થાય તેને 'ફ્લક્ચ્યુએયૂશન' કહીએ. ચીની ભાષાની એમોય બોલીમાં દરેક સંદર્ભમાં જ્યાં [ḷ] આવતો હોય ત્યાં [ḍ] પણ વૈકલ્પિક રૂપે આવી શકે ભાષક ક્યારેક [ḷ] બોલે તો ક્યારેક [ḍ] અને એ આ વૈકલ્પિકતા અંગે સભાન ન હોય. આ બોલીમાં [ḷ] અને [ḍ] વિરોધાત્મક નથી અને અન્યોન્યના નિષેધક કે પરિહારક પણ નથી. આવી સ્થિતિ એક મુશ્કેલી ઊભી કરે છે. બ્લૂમ્ફીલ્ડીય વ્યાખ્યા પ્રમાણે તો ધ્વનિઓ વિરોધાત્મક હોય તો ધ્વનિઘટક બને અને અન્યોન્ય-પરિહારક હોય તો ઉપઘટક બને. પરંતુ [ḷ] અને [ḍ] બન્ને એક જ સંદર્ભોમાં આવતા હોવાથી અને એક શબ્દમાં પણ આવી શકતા હોવાથી અન્યોન્યપરિહારક પણ નથી અને વિરોધાત્મક પણ નથી. છતાં એ બેને ઉપઘટકો જ ગણવા પડે.

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

બીજી પરિસ્થિતિ જોઈએ. અહીં અમુક નિશ્ચિત સંદર્ભમાં આવા અવિરોધાત્મક ધ્વનિઓનું 'ફ્લક્ચ્યુએશન' થાય. જેમ કે નેવારી ભાષામાં [u] સ્વર પહેલાં [f] અને [h] વચ્ચે વૈકલ્પિકતા દેખાય છે. જ્યારે નિશ્ચિત સંદર્ભ હોય ત્યારે કોઈ જાતની મુશ્કેલી સર્જાય નહિ.

ત્રીજી પરિસ્થિતિ એવી કે જ્યાં બે વિરોધાત્મક ઘટકો અમુક નિશ્ચિત સંદર્ભમાં વૈકલ્પિક બને. અર્થાત્ આ સંદર્ભમાં એ ધ્વનિઓ વચ્ચેનો વિરોધ જતો રહે. અને એક ધ્વનિઘટક બીજા ધ્વનિઘટકનો ઉપઘટક બને, તો અહીં પણ બ્લૂમ્ફીલ્ડીય આગ્રહ ('એકવાર જે ધ્વનિઘટક તે હંમેશનો ધ્વનિઘટક') પાળી શકાય નહિ. પરંતુ પાયકે બ્લૉકે ચર્ચેલા 'ફોનીમિક ઓવર્લેપિંગ'ના આંશિક 'ઓવર્લેપિંગ'ને આવરી લેતો 'પ્રેમિસ' આપ્યો છે. એમણે સૈદ્ધાંતિક પ્રશ્નોને અનુરૂપ નિરૂપણપદ્ધતિ આપવા ઘણી પ્રત્યક્ષ અનુભવ-સામગ્રીનો ઉપયોગ કર્યો છે. બ્લૂમ્ફીલ્ડીય ભાષાવિજ્ઞાનીની ચકાસણીભરી, વ્યવસ્થિત અને વિધિગત તર્કબદ્ધતા નવાઈ પમાડે એવી છે. આપણે આજે પણ પાયૂકના આ 'પ્રેમિસ'ને નવી ભાષાના ધ્વનિઘટકો સ્થાપવા માટે ઉપયોગમાં લેવા પડે.

અન્ય પ્રેમિસ

એમણે થોડાક વધારે 'પ્રેમિસ' પણ આપ્યા છે. એમનું કહેવું છે કે ફક્ત ચાર 'પ્રેમિસ' વડે કામ કરવું શક્ય નથી. આથી બીજા બાવીસ 'પ્રેમિસ' એમણે આપ્યા.

એમણે કહ્યું કે ધ્વનિઘટકીય લિપિ-પદ્ધતિ એ ભાષકને સૌથી સહજ રીતે પ્રાપ્ત થાય. કારણ ભાષક માનસિક જગતમાં જે ધ્વનિઘટકો પોતે સમજે છે એને સમાંતર લિપિસંકેતો હોય તો તે સંકેતો એ સહેલાઈથી શીખી શકે. બે ધ્વનિઓ વચ્ચે દેખાતી વૈકલ્પિકતા જો અ-બોધક હોય, એટલે કે જો એ બે ધ્વનિઓ વચ્ચે વિરોધ ન હોય, તો તેની નોંધ ભાષક લેતો જ નથી અને તેથી આપોઆપ એને માટે સંકેત શોધવાની જરૂર રહેતી નથી. આમ પાયૂકે ધ્વનિઓ વચ્ચે સૂચક અને અ-સૂચક એવા ભેદ પાડ્યા. એમણે જોયું કે ભાષામાં આવતા અર્ધસ્વર, અર્ધવ્યંજનના અર્થ-ઘટનની ક્રિયા પણ મુશ્કેલ બની શકે. અમુક ભાષામાં આવતા 'ય્' કે 'વ્' ક્યારે વ્યંજન તરીકે વ્યવહાર કરે છે અને ક્યારે સ્વર તરીકે તે નક્કી કરવા પાયક, ભાષાની લાક્ષણિક ધ્વનિઓની આનુપૂર્વી ઓનો આધાર લેવા સૂચવે છે. ભાષામાં ધ્વનિનો સમગ્રપણે વ્યવહાર કેવો છે તે નોંધવો જ જોઈએ. ગુજરાતીમાં

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

[h] નો વ્યવહાર ઘણો સંકુલ છે. એ ક્યારેક સ્વરના મર્મરપણાનો ભાગ હોય, ક્યારેક વ્યંજનગુચ્છમાંનો એક ધ્વનિ હોય, ક્યારેક સ્વતંત્ર વ્યંજન હોય, ક્યારેક ઘોષ હોય અને ક્યારેક અઘોષ હોય. આમ [h] ને શ્રુતિ ('ગ્લાયડ') ગણવો કે કેમ તે બહુ મુશ્કેલ પ્રશ્ન બને. આ નિર્ણય એના સમગ્ર વ્યવહારને તપાસીને લેવો પડે. આમ પાયકે ફરી 'ડીસ્ટ્રીબ્યુશન'ની (સંદર્ભાશ્રિત ઉપસ્થિતિની) વિભાવનાને મજબૂત બનાવી. એવી જ રીતે અક્ષરનો પ્રશ્ન પણ ઘણો સંકુલ છે તેની નોંધ પાયકે લીધી. ભાષાના અક્ષર ભાષામાં આવતી અક્ષર–અક્ષર વચ્ચેની સીમાઓ ઉપરથી અને રૂપ–રૂપ વચ્ચેની સીમાઓ ઉપરથી નક્કી કરાય. આ પણ 'ડીસ્ટ્રીબ્યુશન'નો પ્રશ્ન છે. 'ડીસ્ટ્રીબ્યુશન' એટલે સંદર્ભોની વિચારણા. આ વિચાર કરીએ કે તરત જ લાક્ષણિક ધ્વનિક્રમ સ્પષ્ટ થાય અને સાથે જ સંદિગ્ધ ધ્વનિઓનો પ્રશ્ન ઊકલે. આમ એકબીજા ઉપર આધારિત એવી પદ્ધતિ રજૂ થઈ. ભાષામાં આવતા દીર્ઘ વ્યંજન કે સ્વરને એ ઘટકના ગુચ્છ કહેવા કે નહિ, તો કેટલીક ધ્વનિખંડોની આનુપૂર્વીને ઉચ્ચારણની દૃષ્ટિએ સંકુલ એવું ઘટક કહેવું કે કેમ વગેરે પ્રશ્નોનો ઉકેલ આપવા પાયકે નવા 'પ્રેમિસ' ઉમેર્યા છે.

એમણે જોયું કે ધ્વનિઘટકો ઉપરાંત જે કેટલાંક સહવર્તી ('સુપ્રાસેગ્મેન્ટલ') તત્ત્વો ભાષામાં હોય છે તેનો અભ્યાસ થાય માટે પણ 'પ્રેમિસ' મૂકવાં જોઈએ. ભાષામાં દેખાતાં સ્વરભાર, સૂર, કાલમાન વગેરે જો સંદર્ભ ઉપર આધારિત હોય અને એમની લાક્ષણિકતા આગળથી જાણી શકાય એવી હોય તો એમનું અસ્તિત્વ અ-સૂચક બને અને તેથી એ ભાષાના ઘટક કહેવાય નહિ. જો કે આ માત્ર તત્પૂરતો ઉકેલ જ આપે. બાકી આ 'સુપ્રાસેગ્મેન્ટલ' લાક્ષણિકતાઓ તો ભાષાનું ગૂઢ પાસું છે. સ્વરભાર, અક્ષરનું બનવું, સ્વરોનું દીર્ઘત્વ કે હ્રસ્વત્વ, નાસિક્યતા કે મર્મરપણું એ બધું જ એકબીજા સાથે એટલું સંકળાયેલું છે કે આમ એક 'પ્રેમિસ' વડે કશું સ્પષ્ટ થાય નહિ. બ્લૂમ્ફીલ્ડીય ભાષાવિજ્ઞાની આ પ્રશ્નોનો જવાબ આપી શક્યો જ નથી.

આગળ જતાં એમણે એક એવો 'પ્રેમિસ' આપ્યો કે ધ્વનિઘટકના ઉપઘટકોમાંથી જે ઉપઘટકની ઉપસ્થિતિ ઓછી મર્યાદિત હોય તે ઉપઘટકને ધ્વનિઘટકનું ધોરણસરનું રૂપ ('નોર્મ') કહેવું. કોઈ ધ્વનિખંડો એક ધ્વનિઘટકમાં સમાવવાના હોય તો એમનામાં ઓછામાં ઓછું ઉચ્ચારણલક્ષી સામ્ય તો હોવું જ જોઈએ, અને એ અન્યોન્યપરિહારક હોવા જોઈએ.

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

અહીં મુખ્ય સવાલ એવો થાય કે જે ધ્વનિખંડો અન્યોન્ય પરિહારક ન હોય તે ઉપઘટક ન બની શકે? આપણે આ અંગેનો નિર્દેશ 'ફ્લક્ચ્યુએશન'ની વાત કરતી વખતે કર્યો જ હતો. ઉપઘટકની વિભાવના નિરૂપણ-પદ્ધતિ ઉપર નિર્ભર ન રખાય. અન્યોન્યપરિહારકતાની કે અન્યોન્યપૂરકતાની શરતો અમુક રીતે નબળી શરતો પુરવાર થાય છે. નિરૂપણપદ્ધતિ માત્ર વર્ગમાં શીખવવા માટે નહિ પણ સિદ્ધાંતની ઉપપત્તિઓ પુરવાર કરવા માટે હોવી જોઈએ.

પાયૂક કહે છે કે જો એક જ સામગ્રીમાંથી બે જુદી પદ્ધતિઓ વડે બે ઉકેલો રજૂ થાય – ધ્વનિસ્વરૂપનાં બે વર્ણનો રજૂ થાય – તો જે ઉકેલ ઓછો સંકુલ હોય તેને સ્વીકારવો. આ 'ઓછો સંકુલ' એક રીતે પ્રાંજલતા સિદ્ધ કરવાનો નિર્દેશ કરે છે. કારણ, પ્રાંજલતા આમેય નિરૂપણ-પદ્ધતિના સ્તરે સાધ્ય કરવાની જ હોય. બ્લૂમ્ફીલ્ડીય ભાષાવિજ્ઞાનીઓએ પ્રાંજલતા ('સિમ્પ્લિસિટી')ની સીધે સીધી વાત, હેરિસનો અપવાદ બાદ કરતાં, કરી નથી. હૉકિટે એમનાં ચાર મહત્ત્વના ધ્વનિસ્વરૂપ શોધવા માટેના સિદ્ધાંતોમાંથી એક સિદ્ધાંત કરકસર ('પાર્સિમોની')નો મૂક્યો છે. આ લાઘવ સિદ્ધ કરવાની જ વાત થઈ. આમ એ લોકો 'કરકસર', 'ઓછો સંકુલ' વગેરેનો આગ્રહ રાખે છે પણ સ્પષ્ટપણે 'સિમ્પ્લિસિટી'ની વાત કરતા નથી. આથી નિરૂપણપદ્ધતિને શા માટે ઓછી સંકુલ રાખવી અથવા શા માટે લાઘવ સિદ્ધ કરવું તેની સૈદ્ધાંતિક સમજ પણ આપતા નથી અને તેથી આવી પ્રવૃત્તિ સહેજ ખટકે છે.

આગળ એક એવો 'પ્રેમિસ' આપે છે કે એક વાર બે ધ્વનિઘટક સ્થાપિત થાય પછી એની વચમાં અમુક સંદર્ભમાં 'ફ્લક્ચ્યુએશન' હોય તો ય એ હંમેશા જુદા જ રહે, આ પાયૂકની પહેલાં ઉદ્ભવેલા, બહુચર્ચિત 'ફોનિમિક ઓવર્લેપિંગ'ના પ્રશ્નનો છેદ ઉડાડે તેવો 'પ્રેમિસ' છે પાયૂક તો 'ઓવર્લેપિંગ' શબ્દ જ વાપરતા નથી. એમણે તો 'ફ્લક્ચ્યુએશન' અને 'ફ્રી વેરિએશન' એવા જ શબ્દો વાપર્યા છે. આ બધું એક વાર ફરીથી જોઈ લઈએ. બ્લૂમ્ફીલ્ડીય ભાષાવિજ્ઞાની ધ્વનિઘટકનો એના ઉપઘટક ઉપરથી એક વિસ્તાર નક્કી કરી લે છે અને એ વિસ્તારની બહાર ઉપઘટકો ખસવા જોઈએ નહિ એવું સ્વીકારીને ચાલે છે. આની સાથે સંકેતો શોધવાની પ્રવૃત્તિ શરૂ થઈ અને તેથી શરતો વધારે કડક રીતે પળાવા લાગી. આથી જ્યારે કોઈ ભાષામાં અમુક સંદર્ભમાં બે જુદા ધ્વનિઘટકોના ઉપઘટકો એકબીજા

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

સાથે ભળી જતા લાગ્યાં – મુક્ત પરિવર્તો બનતા લાગ્યા–ત્યારે એ લોકોએ મૂંઝાઈને એને 'ઑવર્લેપિંગ'ની પ્રક્રિયા કરી એ લોકો ભૂલી ગયા કે કોઈ બે ધ્વનિઘટકોના ઉપઘટકોમાંથી અમુક બે ઉપઘટકો વચ્ચે 'ફ્રી વેરિએયૂશન' થાય – મુક્ત હેરફેર થાય, અથવા તો એક ઉપઘટક બીજા ઘટકના એકાદ ઉપઘટક જેવો જ હોય – એટલે કે 'ન્યૂટ્રલાયૂઝેયૂશન'ની સ્થિતિ હોય, તો ય મૂળ ઘટકો વચ્ચેનો વિરોધ નાબૂદ થતો નથી – વિરોધ 'ન્યૂટ્રલાયઝ' થતો નથી, કે નથી એમની આગવી લાક્ષણિકતાઓ નબળી બનતી, કે નથી કોઈ ભાષકને એના ધ્વનિઘટકો વચ્ચેની ભિન્નતા સમજવામાં તકલીફ પડતી, આથી એક વાત ધ્યાનમાં રાખવી જ પડે કે ઉપઘટકોનો વિસ્તાર અનુનેય ('ફ્લેક્સિબલ') હોવો જોઈએ. અને તો પછી આપોઆપ અન્યોન્યપરિહારકતા અને અન્યોન્ય–પૂરકતાની શરતો પણ સહેજ ઢીલી જ મૂકવી પડે આ બધું સમજી લઈએ તો પાયૂકે રજૂ કરેલા 'ફલક્ચ્યુએયૂશન'ના 'પ્રેમિસીઝ' બ્લૂમ્ફીલ્ડીય પ્રણાલીને એક ડગ આગળ લઈ જાય છે તે પણ સ્પષ્ટ થાય.

મૂલ્યાંકન

પાયૂક પોતાના આ પ્રયત્નોની મર્યાદા સમજે છે અને કહે છે કે આ 'પ્રેમિસીઝ'માં ક્યારેક સુધારાવધારા કરવા પડે, એટલું જ નહિ પણ આ 'પ્રેમિસીઝ'ની પ્રમાણભૂતતા પણ ક્યારેક શંકાસ્પદ લાગે. આવી તૈયારી હોવાથી પાયૂક પોતે જ પોતાના એક 'પ્રેમિસ'ના સંદર્ભમાં પ્રશ્ન પૂછે છે: જેમ કે એક ધ્વનિઘટકના ઉપઘટકોમાં ઉચ્ચારણલક્ષી સામ્ય હોવું જોઈએ એમ કહીએ છીએ, પણ આ સામ્ય કેટલું તે આપણે કહેતા નથી. સામ્ય કેટલું તે નિશ્ચિતપણે કહેવાય નહિ, કારણ એ નિશ્ચિત થઈ જાય તો ફરી પાછો ઉપઘટકોનો વિસ્તાર મર્યાદિત બનાવવાની પ્રવૃત્તિ જ થાય. આમ પાયૂક પોતે 'પ્રેમિસીઝ'ને ચકાસવા જોઈએ એમ કહી તે માટેનો માર્ગ પણ ચીંધે છે.

આ 'પ્રેમિસીઝ' એટલે વિદ્યાર્થી અથવા ક્ષેત્રકાર્ય કરનાર માટેની ટેકણ-લાકડી. અમુક પ્રત્યક્ષ અનુભવઆશ્રિત કાર્યપ્રવાહ ચીંધવાનું કામ એ કરે આ 'પ્રેમિસીઝ'માં સત્યની શક્યતાવાળાં પૂર્વસ્થાપિત વિધાનો છે, જેના ઉપરથી તર્કબદ્ધ એવાં બીજાં 'પ્રેમિસીઝ' સાધ્ય બને. આવાં 'પ્રેમિસીઝ' વૈજ્ઞાનિક પ્રવૃત્તિની અનિવાર્ય એવી જરૂરિયાત છે. દુર્ભાગ્યે આ વિધાનો નિરૂપણપદ્ધતિની વિધિગત પ્રગતિ સાધવાના સાધન તરીકે જ ગણાઈ ગયાં. પરંતુ સાચી રીતે જોતાં બ્લૂમ્ફીલ્ડીય સિદ્ધાંતના ઘણા ઊભા થયેલા અને ન છેડાયેલા એવા પ્રશ્નોને પાયૂકે આવરી લીધા છે એ એમની ઘણી

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

મોટી સિદ્ધિ છે. બ્લૂમ્ફીલ્ડીય પ્રણાલિની નિરૂપણપદ્ધતિનો સરવાળો એટલે આ પુસ્તક.

પાયૂક બ્લૂમ્ફીલ્ડીય પ્રણાલિના સાચા પ્રતિનિધિ તો છે જ, પણ સાથે એ પ્રણાલિના દોષોને ખુલ્લી રીતે વખોડનારા પણ છે. ૧૯૫૮માં ભરાયેલી આઠમી આંતરરાષ્ટ્રીય ભાષાવૈજ્ઞાનિક પરિષદમાં એમણે આ પ્રણાલિની એક ઘણી મોટી ક્ષતિ ચીંધી. એમણે કહ્યું કે કોઈ પણ વૈજ્ઞાનિક રીતે સંશોધન કરનાર માટે, ભાષાને અખંડિત એકમ તરીકે જોવા કરતાં જુદા જુદા સ્તરની વ્યવસ્થાના સંકુલ તરીકે જોવી વધારે યોગ્ય છે, એ હકીકત સ્વીકારીએ તો ય, ભાષા ત્રણ–ચાર ટુકડાઓની બનેલી છે અને દરેક ટુકડાને જુદો રાખીને જ તપાસવો જોઈએ એવો આગ્રહ વાંધાજનક છે.

બ્લૂમ્ફીલ્ડીય ભાષાવિજ્ઞાની માનતો હતો કે ભાષાનો અભ્યાસ કરવા માટે પ્રથમ ધ્વનિસ્વરૂપવિચાર, પછી રૂપવિચાર અને પછી વાક્યવિચાર એવો ક્રમ રાખવો જોઈએ. જુદા જુદા સ્વતંત્ર ડબ્બા હોય એમ દરેકને જુદા જ રાખવા જોઈએ. એક સ્તરની સામગ્રીને બીજા સ્તરની સામગ્રી સાથે ભેળવવાથી અવૈજ્ઞાનિક પ્રવૃત્તિ થાય. ઉપરના સ્તરની સામગ્રી નીચલા સ્તરના અભ્યાસ માટે વપરાય જ નહિ. એવું કરવા જઈએ તો આપણે વિષચક્રમાં ફસાઈ જઈએ. આથી ‘ ફોનોલજી ’ના અભ્યાસ માટે વ્યાકરણની સામગ્રી લક્ષમાં લેવાય જ નહિ. પાયૂકે આનો જોરદાર વિરોધ કર્યો. એમણે કહ્યું કે સ્તરોની વચમાં એકત્રીભાવ હોવો જોઈએ. આ સ્તરોની સીમાઓ એકબીજા સાથે ભળે અને બધાં સ્તરો એકબીજા ઉપર આધારિત રહે. કોઈ પણ સ્તરની વ્યાખ્યા એનાથી નીચલા અને એની ઉપરના સ્તરને ધ્યાનમાં લીધા વિના અપાય નહિ. ભાષા એક પુંજ ન હોય તોય એ સ્તરોના ટુકડાની બનેલી પણ નથી. ભાષાનો દરેક સ્તર એક જ સામગ્રીમાંથી છૂટો પડાયો હોય, એટલે સ્તરોને સંપૂર્ણ રચનાના એકમ જેવા જ ગણવા પડે. અને દરેક સ્તરનું અસ્તિત્વ બીજા સ્તરોને લીધે જ હોય. આ ન સ્વીકારીએ તો ભાષાને રચના/બંધારણ છે એવું કહેવાય જ નહિ.

આમ પાયૂકે બહુ જોરદાર અભિગમ રજૂ કરી બંધારણાત્મક સત્યને સ્થાપ્યું. ધ્વનિસ્વરૂપ માટે વ્યાકરણના બીજા સ્તરોની સામગ્રી ધ્યાનમાં લેવી જ પડે એમ કહ્યું. આ કોઈ માત્ર નિરૂપણપદ્ધતિનો પ્રશ્ન નથી. એ તો ભાષાને સમજવાની એક દૃષ્ટિ છે. આ દૃષ્ટિ ભાષાને સાંગોપાંગ રીતે જુએ. પાયૂકનું આ બીજું મોટું પ્રદાન.

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

બ્લૉક : 'પૉસ્ટ્યુલિટ્સ'

હવે સૌથી છેલ્લે બ્લૉકના 'પૉસ્ટ્યુલિટ્સ' જોઈએ. આ 'પૉસ્ટ્યુલિટ્સ' એ જમાનાની વિશદ એવી વૈજ્ઞાનિક પ્રવૃત્તિનો પુરાવો છે. બ્લૂમ્ફીલ્ડ અને બ્લૉકના 'પોસ્ટ્યુલિટ્સ'ની વચ્ચે ૨૨ વર્ષનો ગાળો વીત્યો (૧૯૨૬થી ૧૯૪૮). આ ગાળાનો વિચાર કરીએ તો આપણે જોઈશું કે આ ગાળા દરમ્યાન ધ્વનિસ્વરૂપ અંગેની સમજણ વધી, વિકસી; નિરૂપણપદ્ધતિ વધારે સફાઈવાળી, ચોક્કસ અને વૈજ્ઞાનિક બની; ઘણા વાદાસ્પદ પ્રશ્નો ચર્ચાયા; ઘણી ન ખેડાયેલી ભાષાઓનાં પૃથક્કરણ થયાં; ઘણી સૈદ્ધાંતિક ક્ષતિઓ દેખાઈ. ટૂંકમાં કહીએ તો બ્લૂમ્ફીલ્ડીય ધ્વનિસ્વરૂપનો ઇતિહાસ આ જ ગાળા દરમ્યાન શરૂ થયો, સર્જાયો અને સમાપ્ત થયો. આપણે તો અહીં ચાર–પાંચ લેખોમાં આ ઇતિહાસની આછી રૂપરેખા જ આપી છે.

આ ઈતિહાસમાં બ્લૉકના 'પૉસ્ટ્યુલિટ્સ' એક સીમાચિહ્ન જેવા ગણવા પડે. બ્લૂમ્ફીલ્ડે જોયું હતું કે ભાષાવિજ્ઞાનને રૂપબદ્ધ કરવું હોય તો 'પૉસ્ટ્યુલિટ્સ'ની પદ્ધતિ અપનાવવી પડશે. આપણે પૂછીએ કે આ 'પૉસ્ટ્યુલિટ્સ' શું છે ? 'પૉટસ્ટ્યુલિટ્સ' અને 'ઍક્સિઅમ' (સ્વયંસિદ્ધ સિદ્ધાંત) વચ્ચે થોડોક તફાવત છે. જેને માટે પ્રત્યક્ષ પ્રમાણ આપવું ન પડે એવો સિદ્ધ પ્રમેય તે 'ઍક્સિઅમ', અને જેને રચનાની જરૂર ન હોય એવી ધારણા તે 'પોસ્ટ્યુલિટ'. આવી ધારણાઓ વડે કોઈ પણ વિજ્ઞાનના સિદ્ધાંતને રૂપબદ્ધ કરી શકાય.

આ પદ્ધતિ વિજ્ઞાનને આધુનિક રીતે વિવેચનાત્મક અને અમૂર્ત બનાવવા માટે મદદરૂપ થાય. આપણે જે ધારીએ તેને સ્પષ્ટ કરીને કહેવા માટે, આપણી પરિભાષાની વ્યાખ્યા આપવા માટે 'પૉસ્ટ્યુલિટ્સ' અનિવાર્ય છે. આટલું બ્લૂમ્ફીલ્ડે સમજી લીધું હતું અને એમણે 'પૉસ્ટ્યુલિટ્સ' આપી ભાષાના અભ્યાસને વિજ્ઞાનનું સ્વરૂપ આપવાનો પ્રયત્ન કર્યો. બ્લૉકે જોયું કે વિજ્ઞાનની ચર્ચાના વિષયનો અડધો ભાગ દેખીતા સત્ય ઉપર મંડાયલો છે – જે દેખી શકાય એવું (નિરીક્ષણક્ષમ) છે તેના ઉપર આધારિત છે. બાકીનો અડધો ભાગ વિજ્ઞાનતત્ત્વવિચારનો વિષય છે. બ્લૉકે એમ પણ કહ્યું કે 'પૉસ્ટ્યુલિટ્સ' રજૂ કરવા તે એક રીતે તો વિકસતા વિજ્ઞાનને એક તબક્કે થોભીને એની પ્રગતિનું સરવૈયું કાઢવા ('સ્ટૉક ટેકિંઙ') જેવું છે. આવું કામ કરતી વખતે કોઈ પણ જાતનાં માનસિક અને અર્થજન્ય નિર્ણાયક લક્ષણોથી દૂર રહેવાનો પ્રયત્ન કરવો જોઈએ.

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

બ્લૉકના ' પૉસ્ટ્યુલિટ્સ ' ધ્વનિસ્વરૂપગત પૃથક્કરણ કરવા માટે રજૂ થયા. ભાષાની બોલીઓ, ઉચ્ચારણ, ધ્વનિખંડ જુદા પાડવા, વર્ગીકરણ કરવું, સંદર્ભસ્થિતિની વિચારણા, સમયમર્યાદા, ઉપસ્થિતિ, ભેદકતા, સુસંગતપણું, લાક્ષણિકતા, ધ્વનિઘટકો, અને ક્રમ : આટલા મુદ્દાઓ આવરી લેતા ' પૉસ્ટ્યુલિટ ' આપ્યા.

મનુષ્યની બોલી એટલે શું એ કહેવા એમણે એક પૉસ્ટ્યુલિટ આપ્યો. અમુક સમાજમાં મનુષ્યો એકબીજા સાથેનો વ્યવહાર પ્રણાલિકાગત શ્રાવ્ય સંકેતો વડે કરતા હોય છે. મનુષ્યસમાજ એ ભાષકસમાજ છે. જે સંકેતો વડે ભાષક વ્યવહાર કરે તે એમની ભાષા કહેવાય. એક ભાષકની એક ગાળાની–સમયની બધી જ શક્ય ઉક્તિઓ તે ' ઇડિઓલેક્ટ ' કહેવાય. ભાષકની આખી જિંદગીમાં એના ' ઇડિઓલેક્ટ ' બદલાય પણ ખરા. આ જાતનો ' પૉસ્ટ્યુલિટ ' એક રીતે ઉદ્બોધક ગણવો પડે. સમાજ–ભાષાવિજ્ઞાનની દૃષ્ટિએ જોતાં પણ એક જ ભાષકની બોલીમાં દેખાતા બોલીના જુદા જુદા સ્તરોનો સ્વીકાર કરવો જ પડે.

'ઇડિયોલેક્ટ'ની ઉક્તિઓના શ્રાવ્ય ભાગોને સમજવાની અને તપાસવાની પ્રવૃત્તિ તે એના ધ્વનિસ્વરૂપનું પૃથક્કરણ, અને ઉક્તિઓના શ્રાવ્ય ભાગોનો સરવાળો તે બોલીનું ધ્વનિસ્વરૂપ. જે ધ્વનિખંડો શ્રાવ્ય હોય તે બધા જ ધ્વનિઘટક ન હોય. જ્યારે કોઈ ઉક્તિના કોઈ પણ ભાગનું આકલન અને ઓળખવાની પ્રવૃત્તિ ધ્વનિની ઉચ્ચારણગત પ્રવૃત્તિને ધ્યાનમાં લઈને થાય છે, ત્યારે તેને ઉચ્ચારણગત વર્ણન કહેવાય. ઉચ્ચારણવિજ્ઞાન જાણનાર વ્યક્તિ શ્રાવ્ય ભાગોને ઓળખે છે, કારણ, આ ભાગો ઉચ્ચારણની પ્રક્રિયા દ્વારા વર્ણવી શકાય છે. ઉક્તિઓનો અમુક શ્રાવ્ય ભાગ શ્રવણીય લાક્ષણિકતાઓ દ્વારા ઓળખાય છે. અભ્યાસુ ઓછામાં ઓછી એટલી લાક્ષણિકતાઓ તો સમજે જ, જેટલી બોલનારની આંતરસૂઝ વડે કરેલા વર્ણન સાથે સમાંતર હોય. આવા એક પછી એક પરસ્પર આધારિત ' પૉસ્ટ્યુલિટ્સ ' બ્લૉક આપતા જાય છે.

ખંડવિભાજન

એક વાર આકલનક્ષમ ભાગોનું વર્ણન થાય પછી એ ભાગોને એક પછી એક આવતા એવા ધ્વનિખંડોમાં વહેંચી શકાય. ઉચ્ચારણવિજ્ઞાની જાણે છે કે ભાષા તો સાતત્યવાળા પ્રવાહ જેવી છે અને તેથી ' સ્થિતિશીલ ' (' સ્ટૅટિક ')

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

વિભાવના યોગ્ય નથી. છતાં પણ ઉચ્ચારણની દૃષ્ટિએ એ પ્રવાહના ખંડ પડી શકે; અને દરેક ખંડ, સ્થિતિશીલ કે એકદિક્ ('યુનિડિરેક્શનલ') લાગે. મતલબ એવી નથી કે ઉચ્ચારણના અવયવો સ્થિતિશીલ છે. બ્લૉકની આવી ધ્વનિખંડ પાડવાની પ્રવૃત્તિ હેરિસની એવી પ્રવૃત્તિ સાથે સરખાવી શકાય. બ્લાક કહે છે કે ઉચ્ચારણ કરતી વખતે અવયવોના હલનચલનની એકમાંથી બીજી સ્થિતિમાં બદલાતી વખતનું બિંદુ ખંડની સીમા સૂચવે. આવાં બે બિંદુની વચમાંનો ભાગ તે ખંડ. બ્લૉક માટે ખંડ એટલે સમય અને સ્થાન પરત્વે અનન્ય એવો ઉક્તિનો ભાગ. હેરિસ ઉક્તિનાં એક ભાગને બદલે બીજો કોઈ ભાગ એ જ સંદર્ભમાં મૂકી ભાષકના પ્રતિભાવ ઉપર આધાર રાખી ખંડો પાડે છે. પાયક પ્રવાહરૂપ ધ્વનિની વચમાં આવતા શિખર કે ઉચ્ચબિંદુ ('ક્રેસ્ટ') ઉપરથી ખંડ નક્કી કરે છે. એક વાર ખંડ પડે પછી એના ઉચ્ચારણની વિશિષ્ટતાઓને વર્ણવવી પડે અને તે માટે બ્લૉકે વ્યવસ્થિત એવા ઉચ્ચારણનાં સ્થાનો અને રીતિ અંગેના 'પૉસ્ટયુલિટ્સ' આપ્યા, અને સાથે એક પ્રત્યક્ષ અવલોકનાત્મક 'પૉસ્ટયુલિટ' આપ્યો કે કોઈ પણ બોલીના બધા જ ખંડો એકના એક સ્થાનમાંથી ક્યારે ય નિષ્પન્ન ન થાય અને એક જ પ્રકારે પણ નિષ્પન્ન ન થાય – તે એકસ્થાની, એકપ્રયત્ની હોય એવું ન બને. કેટલાક અવયવોની સરખી જ પ્રવૃત્તિને લીધે નિષ્પન્ન થયેલા સરખા ખંડોનો સમયાવધિ જુદો હોઈ શકે. આ સમયાવધિની વિભાવના સાપેક્ષ છે. આથી એક ખંડના દીર્ઘત્વનું ચોક્કસ માપ રજૂ કરી શકાય નહિ.

ઉપસ્થિતિ

આટલું ધ્વનિખંડો માટે કહી બ્લૉક ભાષામાં આ ખંડોની કેવી ઉપસ્થિતિ હોય તે વિશે કહે છે. કેટલાક ઉચ્ચારણની દૃષ્ટિએ સરખા ખંડો તદ્દન જુદા ઉચ્ચારણસંદર્ભમાં આવે. જ્યારે ઉચ્ચારણની દૃષ્ટિએ ભિન્ન ખંડો જુદા ઉચ્ચારણસંદર્ભમાં હોય ત્યારે આ ખંડો અન્યોન્યપૂરક હોવાનું કહેવાય. કેટલીક વાર જુદા ખંડોના સંદર્ભો સરખા હોય તો તે ખંડો 'ફ્રી વેરિએયૂશન'માં હોવાનું કહેવાય. જો ખંડો બધા સંદર્ભોમાં હમેશાં એવી રીતે આવે કે બીજા કોઈ પણ ખંડો સાથે વિરોધમાં ન હોય તો એ ખંડોને 'ડિટર્મિન્ડ' એટલે કે અગાઉથી કહી શકાય એવા અ-ભેદક, અ-સૂચક ખંડો કહેવાય. જો ખંડ 'ડિટર્મિન્ડ' ન હોય તે ભેદક હોય.

આપણે ખંડોની ઉપસ્થિતિની વાત કરીએ કે તરત જ ભેદક તત્ત્વ શું તેની વાત આવે. અને ભેદકતાની વાત કરીએ કે તરત જ 'ડિટર્મિન્ડ'

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

ખંડોની વાત કરવી પડે. ભેદકતાના સંદર્ભમાં 'ડિટર્મિન્ડ' ખંડો અંગે આગાહી કરી શકાય. ઉચ્ચારણની દૃષ્ટિએ જે સરખા હોય એ ભેદક ઘટકો ન બને પણ એથી ઊલટું સાચું નથી. તેમ જ જે ભેદક ખંડો હોય તે ઉચ્ચારણની દૃષ્ટિએ જુદા હોય પણ એથી ઊલટું ય સાચું નથી. જે ખંડ બીજા કોઈ પણ ખંડ સાથે અથવા શૂન્ય સાથે વિરોધમાં હોય તે ભેદક કહેવાય.

ક્યારેક કોઈ બે ખંડો એવા હોય જે જોડકાં તરીકે જ હંમેશાં આવે અને આ જોડકાંમાંના એક ખંડની ઉચ્ચારણપદ્ધતિ બીજા કોઇ ખંડ જેવી હોય તો આ જોડકાંને એક-દ્વિમુખી ખંડ કહેવો પડે; (જેમકે 'એફ્રિકેટ'). અહીં આપેલા બે 'પૉસ્ટયુલિટ્સ' એ ખોટા ખંડવિભાજનની ભૂલ ન કરીએ તે માટે રજૂ થયા છે. ભાષામાં દેખાતી ખંડોની ભાત અને ભાતમાં રહેલી સમરેખતાનો વિચાર ધ્વનિસ્વરૂપની વિચારણા માટે ઉપયોગી છે.

દરેક ભેદક ખંડની ભેદકતા લાક્ષણિકતાઓને કારણે હોય છે – એટલે કે દરેક ભેદક ખંડને આગવી એવી લાક્ષણિકતા હોય, પણ 'ડિટર્મિન્ડ' ખંડને આવી લાક્ષણિકતા ન હોય. કોઈ પણ એવું ખંડોનું જૂથ જેમાં અમુક લાક્ષણિકતાઓ હોય તો એવી લાક્ષણિકતાઓનો વર્ગ એટલે ધ્વનિઘટક. આ જૂથમાંના ખંડો એ ઘટકમાં સમાય છે એમ કહેવું પડે. દરેક ધ્વનિઘટકનો દરેક સભ્ય બીજા ધ્વનિઘટકના ઓછામાં ઓછા એકાદ સભ્ય સાથે અથવા શૂન્ય સાથે વિરોધમાં હોય. જેમ કે અંગ્રેજીમાં [m] ખંડના સંદર્ભ આ પ્રમાણે હોય : [s – ae], [li – p] (smash, limp) તો ash, lip વગેરે. શબ્દો સાથે સરખાવતાં [m] અને શૂન્યના સંદર્ભો સરખા થાય પણ sip શબ્દમાં માત્ર શૂન્ય આવે [s—ir] અને coming-માં માત્ર [m] જ આવે [k ʌ —iŋ]. તો એવા સંદર્ભમાં [m] શૂન્ય સાથે વિરોધમાં છે એમ કહેવું પડે.

કોઈ પણ બોલીના ભેદક ખંડો શોધવા માટેની વિધિ અને પદ્ધતિ નક્કી કરીએ તે ધ્વનિઘટકીય વિશ્લેષણ ('ફોનિમિક અનૅલસિસ')નો વિષય થાય અને એના સંદર્ભમાં જે વર્ણનાત્મક વિધાનો કરીએ તે ધ્વનિઘટકીય વ્યવસ્થા કહેવાય. આના ઉપરથી એમ કહેવાય કે દરેક બોલીને પોતાની ધ્વનિવ્યવસ્થા હોય અને એ વ્યવસ્થા બીજી બોલીની ધ્વનિવ્યવસ્થા સમજવા ઉપયોગી નીવડે નહિ. એક ધ્વનિઘટકના સભ્યો ઉચ્ચારણની દૃષ્ટિએ જુદા હોઈ શકે, જ્યારે ઉપઘટક એટલે ઉચ્ચારણની દૃષ્ટિએ સરખા ખંડોનો વર્ગ. (અહીં પાછી

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

ધ્વનિગત સામ્યની વાત આવે છે તેની નોંધ લેવી પડે.) કોઈ પણ 'ફ્રેયૂઝ'- (બે વિરામ વચ્ચે આવતી ઉક્તિ)માં આવતા ધ્વનિઘટકોનો ક્રમ નિશ્ચિત રહે છે. અને એ ક્રમ વડે આ 'ફ્રેયૂઝ' ઓળખાય છે. આ જાતની ઓળખવાની ક્રિયા એ ધ્વનિઘટકીય લિપિનું કામ છે. આપણે એવા સંકેતો નક્કી કરીએ જેના વડે ધ્વનિઘટકો રજૂ થાય.

જ્યાં સુધી દરેક ધ્વનિઘટકને શ્રાવ્ય ભાગોનો અમુક લાક્ષણિકતાવાળો વર્ગ ગણીએ અને 'ડિટર્મિન્ડ' ખંડોનો કયાસ ધ્વનિઘટકો ઉપરથી કાઢી શકીએ, ત્યાં સુધી ધ્વનિઘટકીય લિપિ એટલે કોઈ પણ ઉક્તિની શ્રાવ્ય લાક્ષણિકતાઓની રજૂઆત. આ લાક્ષણિકતાઓ સૂક્ષ્મમાં સૂક્ષ્મ ચિત્તસંસ્કાર ઉપર આધારિત હોય. તો આવી ચિત્તસંસ્કાર ઉપર આધારિત લિપિ અને ધ્વનિઘટકીય લિપિ અંગેનો વાદ અર્થહીન ઠરે, કારણ એ બન્ને તો જોડાયલાં જ છે!

કાર્યનું મૂલ્યાંકન

બ્લૉક જાણે છે કે રજૂ થયેલા 'પૅસ્ટયુલિટ્સ' સંપૂર્ણ નથી. એ જાણે છે કે દરેક નવી બોલીની વિશિષ્ટ હકીકતો માટે નવાં 'પૅસ્ટયુલિટ્સ' ઉમેરવા પડે. આથી આને – આવી અપૂર્ણતાને – મોટી ક્ષતિ કે છિદ્ર ન કહેવાય. એમણે નોંધ્યું છે કે 'અક્ષર'ની વિભાવના વર્ણવી શકાઈ નથી અને યતિ કે વિરામ–'પૉઝ' કે 'જંક્ચર'–અંગે પણ કશું કહેવાયું નથી. આને એમણે જ ગંભીર ઉપેક્ષા કહી છે. સાથે જ સૌથી મહત્ત્વની અને છેલ્લી એવી ચૂક એટલે ભાષામાં દેખાતી ભાત અંગે એમણે કશું કહ્યું નથી તે. એમનું કહેવું છે કે ભાષાઓની ધ્વનિવ્યવસ્થાઓ હજી સુધી કરકસરભરી રીતે રજૂ થઈ શકી નથી. એમણે જોયું કે ભાષાની વ્યવસ્થા – ભાત અંગેના 'પૉસ્ટયુલિટ્સ' સંદિગ્ધ રહેવાની શકયતા ઘણી છે. એ સમજાવવા માટે એમણે એક સુંદર દાખલો આપ્યો કે ધારો કે ભાષામાં [p, t, k] અને [b, d g] અને [h] બધા જ સંદર્ભોમાં આવતા હોય. [ph, th, kh] પણ એવા જ સંદર્ભોમાં આવી શકતા હોય. પણ [bh] માત્ર શબ્દના અંતમાં અને મધ્યમાં જ આવતો હોય. એ ભાષાનો એક ઘોષ સંઘર્ષી [v] માત્ર શબ્દના આરંભમાં આવતો હોય તો [bh] અને [v] ને અન્યોન્યપૂરક ગણવા પડે. આવી સ્થિતિમાં ઘણા ધ્વનિસ્વરૂપવિજ્ઞાની એમ કહે કે [bh] જ્યારે આરંભમાં આવે ત્યારે [v] થાય છે. પણ આપણા 'પૉસ્ટયુલિટ્સ' આપણને આવું વિધાન કરતાં રોકે.

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

ભાત અને સમરેખતા પ્રમાણે નિર્ણય લઈએ તો ક્યારેક ખોટો પણ પડે. આથી બ્લોકનું કહેવું છે કે કોઈ પ્રક્રિયા માટે જ્યારે સ્પષ્ટ ધારણા મૂકી શકાય નહિ, ત્યારે એ પ્રક્રિયા સંદિગ્ધ ગણવી પડે અને એને માટે 'પૉસ્ટ્યુલિટ્સ' મૂકવાની ઉતાવળ કરાય નહિ.

છેલ્લે બ્લૉક પોતાના ઉચ્ચારણલક્ષી અભિગમનો બચાવ કરતાં કહે છે કે દરેક ઉક્તિ ઉચ્ચારણની પ્રક્રિયાવડે વર્ણવી શકાય અને આ ઉક્તિના શ્રાવ્ય ભાગો તથા એનાં ઉચ્ચારણો વચ્ચે સમાંતરતા છે, કારણ જે ઉચ્ચારણની દષ્ટિએ ભિન્ન છે તે શ્રાવ્ય રીતે પણ ભિન્ન રહે છે. એ કહે છે કે જ્યાં સુધી સ્પેક્ટ્રોગ્રાફ ઉપર આધારિત સંશોધનો સંપૂર્ણપણે પ્રાપ્ત નથી ત્યાં સુધી ઉચ્ચારણલક્ષી અભ્યાસ જ કરવો રહ્યો (: ૯૪૮).

એમણે ધ્વનિઘટકીય લિપિની પ્રમાણભૂતતા અંગે કહ્યું કે આ લિપિ કાં તો ધ્વનિઘટકોનું આબેહૂબ પ્રતિરૂપ આપે છે, કાં તો નથી આપતી. અને જે જાતની પદ્ધતિ વડે આપણે આ લિપિ નક્કી કરીએ છીએ તે પદ્ધતિ આપણા 'પૉસ્ટ્યુલિટ્સ' સાથે કાં તો સંમત છે, કાં તો નથી. આથી જ્યારે લિપિમાં કોઈ દોષ છે એમ પુરવાર કરવું હોય ત્યારે તે 'પૉસ્ટ્યુલિટ્સ'ને લક્ષમાં રાખીને જ કરવું પડે. જો લિપિની ક્ષતિ પુરવાર થાય તો 'પૉસ્ટ્યુલિટ્સ' ખોટા છે એ પણ પુરવાર કરવું પડે. એટલું જ નહિ પણ યોગ્ય એવાં બીજા 'પૉસ્ટ્યુલિટ્સ' આપવાં પડે.

આમ આપણે જોઈ ગયા કે અત્યંત સુગ્રથિત એવી ધારણાઓ, વ્યાખ્યાઓ, પ્રમેયો અને 'પૉસ્ટ્યુલિટ્સ' આપી બ્લૉકે એક અદ્વિતીય અને વૈજ્ઞાનિક પદ્ધતિ રજૂ કરી છે. હીલે ૧૯૬૭માં બ્લૉકના 'પૉસ્ટ્યુલિટ્સ'ની અદ્યકાલીન પ્રસ્તુતતા અંગે લખતાં કહ્યુ કે જે રીતે બ્લૉકે ધ્વનિઆકલન કરવાની મૂળભૂત જરૂરિયાત ઉપર ભાર મૂક્યો અને જે રીતે ધ્વનિ–ધ્વનિ વચ્ચેના ભેદ નિશ્ચિત કરવા ઉપર ભાર મૂક્યો તેને લીધે 'પૉસ્ટ્યુલિટ્સ'નું મહત્ત્વ આજ સુધી ચાલુ રહે છે. આજની પરિસ્થિતિમાં જ્યારે 'સ્પેક્ટ્રોગ્રાફિક' સંશોધનો અત્યંત ચોકસાઈભરી રીતે થઈ શકે છે, ત્યારે કદાચ કોઈને લાગે કે બ્લાકના 'પૉસ્ટ્યુલિટ્સ' એ કાં તો ભુલાઈ ગયા હોય અને કાં તો એને માત્ર પ્રાચીન હકીકત ગણી અવગણી શકાય. પરંતુ બ્લૉકે એમને જે કહેવું હતું તે એટલું બધું શ્રમપૂર્વક સ્ફુટ કર્યું કે બ્લૂમફીલ્ડ પછીની ધ્વનિસ્વરૂપવિજ્ઞાનની બધી ક્ષતિઓ વ્યક્ત થઈ ગઈ, અને આજ સુધી એમના કામનું મહત્ત્વ ચાલુ રહે છે. બોલીઓનાં પ્રસ્તુત ઉચ્ચારણોનો અભ્યાસ કરવા માટે,

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

ધ્વનિ–આકલનની ક્રિયા માટે એમના ‘પૉસ્ટ્યુલિટ્સ’ આજે પણ ઉપયોગી ગણાય.

એટલું ચોક્કસ કે આજની શ્રવણલક્ષી ધ્વનિવિજ્ઞાનની વિકસિત સ્થિતિમાં ધ્વનિનું આકલન ઘણી વિશદતાથી થઈ શકતું હોવાથી એટલા પૂરતું બ્લૉકના ‘પૉસ્ટ્યુલિટ્સનું’ મહત્ત્વ ઘટે, પણ જો વિચાર કરીએ તો જણાય કે ધ્વનિભેદ સમજવા માટેનું મૂળ સાધન તો મનુષ્યના કાન છે, અને યંત્ર ઘણી કુશળતાપૂર્વક ધ્વનિઆકલન અને ધ્વનિભેદ કરવાનું કામ કરતું હોય તો પણ એ વાત સ્વીકાર્યે જ છૂટકો કે યંત્ર, મનુષ્યે અગાઉથી પાડેલા, ગ્રહણ કરેલા ધ્વનિભેદના જ્ઞાનનો ઉપયોગ કરે જ છે ધ્વનિઆકલન, વર્ગીકરણ, સંદર્ભોની સમજણ વગેરેને ભાષાનાં વૈશ્વિક તત્ત્વો ગણીએ. આ જો સ્વીકાર્ય હોય તો મનુષ્યની આ ધ્વનિઆકલન કરવાની શક્તિ ભાષાના વ્યાકરણીય ભાગો ઓળખવાની શક્તિ કરતાં પહેલાં વિકસિત થયેલી હોવી જોઈએ (‘ઑન્ટોજેનેટિકલ’ વિચારો પ્રમાણે) અને એ રીતે પણ બ્લૉકના ‘પૉસ્ટ્યુલિટ્સ’ પ્રસ્તુત રહે. એમનાં કામનો બીજો રસપ્રદ મુદ્દો છે એમની ધ્વનિખંડ પાડવાની પદ્ધતિનો. આપણે જો એમ સ્વીકારતા હોઈએ કે મનુષ્ય એની કુદરતી શક્તિને લીધે ધ્વનિ–આકલનની ક્રિયા કરતો હોય છે. તો એનો અર્થ એ થયો કે ધ્વનિ ખંડો પાડયા વગર જ આકલન થાય છે. એમ કહેવું એટલે તો મનુષ્યભાષાને બીજી પ્રાણીભાષાઓની કક્ષાએ ઉતારવા જેવું થયું. આથી ધ્વનિખંડ પાડવાની જરૂરિયાત અનિવાર્ય જ છે. જો ધ્વનિસ્વરૂપવિજ્ઞાની પોતાની નિરૂપણપદ્ધતિના ભાગ રૂપે આવી ધ્વનિખંડ પાડવાની પ્રવૃત્તિને સ્વીકારે તે એક રીતે તો ભાષાના બંધારણનું મૉડેલ જ – પ્રતિકૃતિ જ – રજૂ કરે છે. બંધારણના બીજા ભાગોના – અર્થવિજ્ઞાન અને વ્યાકરણના – જ સ્તરોનું પૃથક્કરણ કરવું રસપ્રદ જરૂર બને છે, પણ ધ્વનિ-પૃથક્કરણનું કામ (ભલે સિમેંટ અને કાંકરેટનું મિશ્રણ કરવા જેવું હલકું હોય) એ પાયાનું બંધારણ રચે છે. ગમે તે બંધારણને મજબૂત પાયો જ જરૂરનો હોય. અને બ્લૉક એક એવા હતા કે જેમણે બીજાઓ માટેનો મજબૂત પાયો તૈયાર કરી આપ્યો.

આમ હીલના વિચારો જોયા પછી આપણે છેલ્લે બ્લૉકના કાર્યને વૈજ્ઞાનિક પ્રવૃત્તિની દૃષ્ટિએ મૂલવવાનો પ્રયત્ન કરીએ. કારણ, આ કામ એ ભાષાના અભ્યાસને વિજ્ઞાનનો દરજ્જો અપાવતી એ જમાનાની પ્રવૃત્તિઓમાં સૌથી કેન્દ્રસ્થાને રહે છે.

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

બ્લૉકના 'પૉસ્ટ્યુલિટ્સ' એક સજીવ વસ્તુની જેમ વિકસતા આવે છે. એમાં આવતા એક પણ શબ્દ કે પદની સ્પષ્ટ વ્યાખ્યા ન આપી હોય એવું બનતું નથી. આખું લખાણ એકસૂત્રી, તાર્કિક અને બુદ્ધિગમ્ય બની રહે છે. એમાંની દરેક વ્યાખ્યા અને દરેક 'પૉસ્ટ્યુલિટ' અનિવાર્ય રહે છે. કારણ એમણે પોતે જ કહ્યું છે તેમ એકાદ પણ 'પૉસ્ટ્યુલિટ'ને હટાવી લેવાથી એમના વિચારોની સાંકળ તૂટયા જેવું લાગે છે. આથી એમ કહીએ કે કશું વધારાનું કે અર્થહીન એમણે આવવા દીધું નથી. એ રીતે એમણે પ્રાંજલતાને કેટલેક અંશે સિદ્ધ કરી છે એમ કહેવું પડે.

ભાષાની વૈજ્ઞાનિક જિજ્ઞાસા અને પૃચ્છા જુદી જુદી રીતે થઈ શકે. વિજ્ઞાનીએ કરેલી ધારણાઓ કાં તો અવલોકનો ઉપર આધારિત હોય, કાં તો તર્ક ઉપર આધારિત હોય અને કાં તો આંતરિક સૂઝ ઉપર આધારિત હોય. રજૂ થયેલી કોઈ પણ ધારણા એવી ન હોવી જોઈએ કે જેને સમજાવવા માટે બીજી ધારણાનો ઉપયોગ કરવો પડતો હોય. બ્લૉકનાં 'પૉસ્ટ્યુલિટ્સ' માટે આપણે એમ કહીએ કે એ બધા જ પ્રત્યક્ષ અવલોકન ઉપર આધારિત છે. સાથે જ એક વહેતા પ્રવાહની જેમ એક ઉપર એક એમ આધારિત વિગતોને સાંકળી લેતા 'પૉસ્ટ્યુલિટ' રજૂ થયા છે. જ્યાં જ્યાં આપણને કશું ખટકતું લાગે છે તે એમની રજૂઆતની ક્ષતિ નથી પણ બ્લૂમ્ફીલ્ડીય સિદ્ધાંતોની ક્ષતિ છે. દા. ત. એમણે જે શૂન્ય સાથે 'વિરોધ'ની વાત કરી છે તે અથવા તો 'ફ્રી વેરિએશન'ની વિભાવના વગેરે. પરંતુ આપણે જો એક પદ્ધતિ તરીકે મૂલવવા માગતા હોઈએ તો કહેવું પડે કે બ્લૂમ્ફીલ્ડીય ભાષાવૈજ્ઞાનિક જિજ્ઞાસા આનાથી વધારે વિશદ ક્યારેય બની ન હતી.

□

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

ગુજરાતી આખ્યાતિક ધાતુઓની વ્યુત્પત્તિચર્ચા

હરિવલ્લભ ભાયાણી

['ભાષાવિમર્શ', ૨, ૪, ૧૮૭થી ચાલુ]

૨. ઑછવાવું વગેરે

(૧) અછવાવું એટલે (૧) '(રોપને) ઝાડનો ઓછાયો લાગવો', 'વણછો લાગવો'. (૨) 'કરમાવું', (૩) 'ફળફૂલ ઓછાં ઊતરવાં'. આ અર્થ કોશોને આધારે આપ્યા છે. આમાંથી એકે ય અર્થમાં ક્યાં ય પ્રયોગ નોંધાયો નથી. બીજા અર્થને પહેલા અર્થના વિકાસ તરીકે લઈ શકાય.

(૨) બીજું એક ક્રિયાપદ ઑછાવું પણ 'ઓછાયો પડવો' એવા અર્થમાં છે, અને ઑછવાવું 'પથરાવું' એવા અર્થમાં છે.

(૩) ઑછવાવુંનો જ બોલીભેદે ઉચ્ચારભેદ અછવાવુંને ગણી શકાય. અઠીંગવું : ઑઠીંગવું એવાં બીજાં સમાંતર રૂપથી આને સમર્થન મળે છે.

(૪) ઑછવાવુંનું કર્તરિ રૂપ ઑછાવવું 'ઢાંકવું', 'પાથરવું' છે. સં. अपच्छादयति, પ્રા. अवच्छायइ ઉપરથી તે સધાયો છે. છાવું અને સં. छादयति–નો સંબંધ પણ અહીં જોડી શકાય. ઇ. એ. ૭૬૫ નીચે ગુજ. ઑછાવવું ઉમેરવો પડશે.

(૫) પરંતુ અછવાવું અને ઑછાવું વચ્ચે વિશિષ્ટ અર્થ ('ઓછાયો પડવો')નું સામ્ય જોતાં, મૂળ તરીકે ઑછાયો લેવો વધુ યોગ્ય લાગે છે. ઑછાયો પરથી નામધાતુ ઑછાવું અને સાદૃશ્યબળે ઑછાવાવું થયા જણાય છે.

(૬) ઑછાયોને પણ ટર્નર अवच्छायની સાથે જોડે છે (ઇ. એ. ૭૬૨), પણ મૂળ તરીકે अपच्छाय હોવાનો વધુ સંભવ છે. (ઇ. એ. ૪૨૨).

(૭) અછવાવું 'ફળફૂલ ઓછાં ઊતરવાં'ને ઓછાવું, ઓછવાવું 'ઓછું થવું', 'સંકોચાવું' વગેરે સાથે સાંકળી શકાય, અને એમ ઓછું ઉપરથી થયેલા નામધાતુનાં રૂપાંતરો તરીકે તેમને ઘટાવી શકાય. અછવાવુંને આછું, 'ઓછું, થોડું'ની સાથે પણ જોડી શકાય.

(૮) ઓસવાવુંના 'શોષાઈ ઓછું થવું'. 'મનમાં ઓછું લાગવું', 'કરમાવું, સંકોચાવું' એવા અર્થો જોતાં તેને ઑછવાવુંના કે ઓછવાવુંના

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

બોલીગત રૂપ તરીકે ઘટાવવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. પણ સૌરાષ્ટ્રમાં સાંકડા ઓકારવાળું અને અઘોષ હકારવાળું ઉચ્ચારણ હોવાથી એ વિકલ્પ અસ્વીકાર્ય બને છે. દેશ્ય ओसण्णिअ 'અવસાદ, ખિન્નતા' એની સાથે આને સાંકળી શકાય તેમ છે.

*

૩. अंचकावुं વગેરે

(१) अचकावुं 'ખમચાવું, તોતડાવું' એ अंचकावुंનું જ બીજું રૂપ છે, અને अंचकावुं તેમ જ आंचकवुं એ आंचको ઉપરથી થયેલ નામધાતુ છે.

(२) ટર્નર आचको એવું નિરનુસ્વાર રૂપ જ નોંધે છે, અને આના (તેમ જ મરાઠી आंचका, आंचकर्णेना) મૂળ તરીકે अच्च, अच्चक्क એવું મૂળરૂપ પુનર્ઘટિત કરે છે (૪. એ. ૧૪૧). પરંતુ आंचकोनुं જ બોલીભેદે થયેલું રૂપ आचको છે. खचकावुं < खंचकावुं, अटवावुं < अंटवावुं, अजवास < अंजवास, साचववुं < (મૂળ) सांचववुं, वाछट < वाछंट, फटायो (સરખાવો फंटावुं, फांटो) વગેરેમાં અનુસ્વારલોપની પ્રક્રિયા પ્રકટ છે.

(३) आंचकोના મૂળમાં પ્રા. अंच् 'ખેંચવું' છે. ક્રિયાના એકાએક થવાનો કે બંધ થવાનો ભાવ સૂચવતો -क- (પ્રાકૃત -क्क-) અનેક ધાતુઓમાં વિસ્તારક તરીકે જોવા મળે છે.

*

૪. अंटवावुं વગેરે

(१) आंटी એટલે 'ગૂંચ, ગાંઠ, કાંતેલ સૂતરની ગડી'. હિંદી आंटी, अंटी, आटी, अट्टी. ટર્નરે વિવિધ ભારતીય ભાષાઓમાં મળતી સામગ્રીને આધારે મૂળ તરીકે अट्ट કે अंट 'પૂળો, કોકડી'ની પુનર્ઘટના કરી છે. (૪. એ. ૧૮૧).

(२) अंटवावुं, अटवावुं, अवटावुं, अंटावुं, अटावुं, अंटेवावुं 'આંટીમાં ભરાવું, વચ્ચે આવવું, અથડાયા કરવું, ગૂંચવાવું' એ બધાં आंटी ઉપરથી થયેલા નામધાતુનાં વિવિધ રૂપો છે. નિરનુસ્વાર રૂપો પછીથી થયાં છે. अवटावुं વ્યત્યયથી થયો છે. अटवावुं ઉપરથી अटवामण નામ થયું છે. अवटावुं 'ઘૂંટાઈ ને એકરસ થવું, સંતાપથી બળવું' (હિંદી औटना 'ઊકળવું') એ જુદો જ ધાતુ છે. (પ્રા. आवट्ट 'ઊકળવું').

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

(૩) झाटवुं 'छूंदी, चूंदी એકરસ કરવું', झटावुं, झटवावुं 'પિલાવું, છૂંદાવું', झाटो (झाटो नीकळवो અને झाटोकूटोમાં) એમના મૂળ તરીકે ટર્નરે જુદા झट्नी કલ્પના કરી છે. પણ झाटो 'લોટ' પરથી આ સૌ સધાયાં જણાય છે. ટર્નરે झटवामणने આની સાથે મૂકયો છે, પણ તે તો દેખીતો જ झटवावुं 'ગૂંચવાવું' પરથી થયેલો છે.

(૪) झटेरवुं 'સૂતરને (ફાળકા ઉપર) ઉતારવું, હાથથી ગૂંચળી બનાવવી, આંગળીથી ચીંધવું', હિંદી झटेरना એમના મૂળમાં પણ झांटी (એટલે કે अट्ट, अंट) હોય. कर् ધાતુના °यर् એવા રૂપાંતર (ઉત્તરાવયવ તરીકે)નું પરિણામ °एर અંશ હોય.

(૫) झांटो 'ચકરાવો, વળ, વળ ચડે એવો પેચ' (મૂળ સં. आवर्त, ઙ. એ. ૧૪૧૮), झांटवुं 'નિશાન પર ચીજ અથડાવવી' અને झांट 'શાખ, આબરૂ'નાં મૂળ જુદાં છે.

*

૫. अडवुं વગેરે

(૧) अडवुं₁ 'વળગવું, ચોંટવું, લગોલગ થવું, પહોંચવું' એ મૂળ અર્થ જણાય છે. अडया रहेवुं, अड 'હઠ', अडियल 'હઠીલું', હિં. પં. अडना, મ. अडकणें વગેરે એની સાથે સંકળાયેલાં છે. એ પરથી 'સ્પર્શ કરવો' એવો અર્થ વિકસ્યો હોય. સરખાવો वाझवुंના બે અર્થ. अडकवुंમાં લઘુતાવાચક क ઉમેરાયો છે. સરખાવો सरवुं–सरकवुं.

अडववुं પણ આનું જ પકાર વડે થયેલું વિસ્તરણ છે. મૂળ અર્થ '(યુદ્ધમાં શત્રુને) જઈ વળગવું' એવો હતો, તેના પરથી 'ખંતથી મંડયા રહેવું' એવો અર્થ થયો છે.. જૂની અવધીમાં તુલસીદાસે अरपना વાપર્યો છે.

(૨) अडवुं₂ 'અટકવું, આડું આવવું, નડવું' એ अडवुं₁થી જુદા મૂળનો લાગે છે. आडुं આની સાથે સંકળાયેલો છે. પ્રાકૃતમાં अड्ड છે.

(૩) હકીકતે અ. ભા. આ.માં આ બે ધાતુઓની સેળભેળ થઈ ગઈ છે, अड्डो, आडो 'હઠ', પ્રા. आअड्ड, પં. अडकणा 'અટકવું', મ. अडकणें 'અડયા રહેવું', દ્રાવિડી ભાષાઓનાં अडै (તમિળ) 'આડું આવવું', अडक (તુળુ) 'આડશ' વગેરે ઙ. એ. ૧૮૭ अड– અને ૧૮૮ अड्ड– નીચે આપેલી સામગ્રી સરખાવતાં આ સ્પષ્ટ થશે. ઐતિહાસિક સામગ્રીના પ્રકાશમાં આ અંગેમાંથી સાધિત રૂપોની પુનર્વિચારણા કરવી પડશે.

(ક્રમશઃ)

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

અત્રતત્ર

કાલિકટમાં મે ૧૯૭૯ માં ભરાયેલી નવમી અખિલ ભારતીય દ્રાવિડી ભાષાવિજ્ઞાની પરિષદના અધ્યક્ષીય વ્યાખ્યાનમાં[1] દિલ્હી યુનિવર્સિટીના ડૉ. એ. ચંદ્રશેખરે પ્રસ્તુત કરેલા નીચેના બેત્રણ મુદ્દાઓ વિશેષ ધ્યનપાત્ર છે:

દ્રાવિડીભાષીઓએ નૈઋર્ત્યમાંથી ભારતમાં સ્થળાંતર કર્યું હોવાના મતની ચિંત્યતા

દ્રાવિડીભાષીઓ પ્રાગૈતિહાસિક સમયમાં (પછીથી આવેલા આર્યોની જેમ) ભારતમાં નૈઋર્ત્ય દિશામાંથી પ્રવેશ્યા હોવાનો મત અત્યારે મોટા ભાગના લોકો સ્વીકારે છે. આ મત અનુસાર બલુચિસ્તાન વગેરે વિસ્તારમાં મળતી બ્રાહૂઈ ભાષા સ્થળાંતર કરીને આવનારા દ્રાવિડીભાષીઓનું ત્યાં થાણું હોવાનું સૂચવે છે. મોહેંજોદડો, હડપ્પા અને લોથલની મહાન નગરસંસ્કૃતિ દ્રાવિડી હોવાનું અને આગંતુક આર્યોએ તેમનો વિનાશ કર્યાનું માનવામાં આવે છે. સિન્ધુસંસ્કૃતિના સ્થાપક એ લોકો તે વેળા સમગ્ર ઉત્તર ભારતમાં વસેલા હતા, અને પછીથી તેઓ ક્રમેક્રમે આર્યો સાથે ભળી ગયા અથવા તો દક્ષિણમાં ધકેલાઈ ગયા. આ દ્રાવિડી મતવાદને આધારે સિન્ધુ સંસ્કૃતિના અભિલેખોની ભાષા દ્રાવિડી (કેટલાકને મતે તો પ્રાચીન તમિળ) હોવાનું પણ કેટલાકે માન્યું છે.

આ માટે ભારતીય-આર્યના અંતઃસ્તર તરીકે દ્રાવિડી રહેલી છે એ વાતને પુરાવા તરીકે રજૂ કરવામાં આવે છે. મોટી સંખ્યામાં દ્રાવિડી લોકોએ ભારતીય-આર્યને વ્યવહાર માટે સ્વીકાર્યાને પરિણામે ભારતીય-આર્યનું સંકરીકરણ ('પિજિનાયઝેયૂશન') થયું. ભારતીય-આર્યના મૂર્ધન્ય વ્યંજનોને તથા તેની કેટલીક રૂપતત્ત્વીય અને વાક્યતત્ત્વીય લાક્ષણિકતાઓને આ દ્રાવિડી પ્રભાવનું પરિણામ ગણવામાં આવે છે અને કેટલાક વિદ્વાનો તો ભારતીય ભાષાઓની પોણા ભાગની લાક્ષણિકતાઓ દ્રાવિડી મૂળની છે એટલે સુધી કહે છે. પણ આ મત સ્વીકારવામાં રહેલી કેટલીક ગંભીર મુશ્કેલીઓનો ભાગ્યે જ વિચાર થયો છે. જો દક્ષિણ ભારતના દ્રાવિડીભાષીઓ સિન્ધુસંસ્કૃતિના નિર્માતાઓના સીધા વંશજો જ હોય, તો પછી

---

૧. પ્રકાશિત, 'ઇન્ટર્નેશનલ જર્નલ ઑવ દ્રવિડિયન લિંગ્વિસ્ટિક્સ', ગ્રં ૯ અંક ૨ (જૂન ૧૯૮૦). પૃ. ૨૩૨-૨૫૨.

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

આપણને દક્ષિણ ભારતમાં કેમ તેવું કશું મળતું નથી? એ પ્રાચીન લિપિ અને લેખનપદ્ધતિનું શું થયું? જો અત્યારના દ્રવિડભાષીઓના એ પૂર્વજોએ સિન્ધુખીણમાંથી સીધેસીધા (કે પૂર્વ અને મધ્યભારતમાં થઈને) દક્ષિણ ભારતમાં સ્થળાંતર કર્યું હોય તો એ લેખનપદ્ધતિ ક્યાં લુપ્ત થઈ ગઈ? અને તેમના કેટલાક અગ્રણીઓએ તો આર્યોના વિનાશક આક્રમણને ક્યાંક, કોઈક રૂપમાં ન નોંધ્યું હોત? અને જો એ ભાષા પ્રાચીન તમિળ હતી, તો ત્રણેક હજાર વરસ ભાષા બદલાયા વિના એમ ને એમ રહી હોવાનું માનવું? ભારતીય ભાષાઓની લિપિનું મૂળ તદ્દન જુદું છે, અને આ બાબતમાં તેમ જ બીજી ઘણી બાબતોમાં સિન્ધુસંસ્કૃતિના લોકો અને અર્વાચીન દ્રાવિડીભાષી વચ્ચે સાંસ્કૃતિક સાતત્ય નથી બતાવી શકાતું એ ઉક્ત મત સામેનો મોટામાં મોટો વાંધો છે. તમિળભાષી પ્રદેશમાંથી પ્રાપ્ત વહેલામાં વહેલા અભિલેખો બ્રાહ્મી લિપિમાં જ છે.

દ્રાવિડી ભાષાઓનાં નામોની વ્યુત્પત્તિ તપાસતાં કશા ચોક્કસ નિષ્કર્ષ પર પહોંચી શકાય તેમ નથી, પરંતુ તે દ્વારા એક એવો વિકલ્પ વિચારણીય બને છે કે દ્રાવિડીભાષીઓ પૂર્વ તરફથી ભારતમાં પ્રવેશ્યા હોય અને પછી મધ્ય અને દક્ષિણ ભારતમાં ફેલાયા હોય. વળી 'કુરુખ' અને 'માલ્તો' એ ભાષાનામોની વ્યુત્પત્તિ જોતાં કુરુખ, માલ્તો અને બ્રાહૂઈ મળીને ઉત્તરીય દ્રાવિડી ભાષાજૂથ બનતું હોવાનો મત ચિંત્ય બને છે – તેમનાં સમાન તત્ત્વો ભારતીય–આર્ય અને ફારસી–અરબીના પ્રભાવનું જ પરિણામ હોય. આ દૃષ્ટિએ દ્રાવિડી ભાષાઓનું જૂથ–વિભાજન પુનર્વિચારણા માગે.

દ્રાવિડીનો ભૂમધ્યસમુદ્રની ભાષાઓ સાથે (લાહોવારી દ્વારા) કે એલામી ભાષાકુળ સાથે સંબંધ સ્થાપવાના પ્રયાસો ગંભીરપણે તપાસવા જેવા છે. એક વિદ્વાને ઉત્તર આફ્રિકાની સેનેગાલી ભાષા સાથે દ્રાવિડીનો સંબંધ સ્થાપવા પ્રયાસ કર્યો છે તે પણ વિચારણીય છે.[૨]

ભારતીય ભાષાવિજ્ઞાને અને સંસ્કૃત

ભારતીય–આર્યના કહેવાતાં વિસ્તરણવાદી વલણોથી દ્રાવિડી ભાષાઓ માટે ખતરો પેદા થયો હોવાનું બૂમરાણ અર્થહીન છે. ભારતીય–આર્યના

૨. 'ઇ. જ. દ્ર. લિ.'ના એ જ અંકમાં પ્રકાશિત હાના ફેયૂન (Hannah Fane)ના સંશોધન-લેખમાં (પા. ૨૮૯–૩૦૫)– સુમેરી અને દ્રાવિડી વચ્ચે આંતરસંબંધો હોવા અંગે ભાષાવૈજ્ઞાનિક, પુરાતત્ત્વીય અને સાહિત્યિક પુરાવાઓ પ્રસ્તુત કરવામાં આવ્યા છે.

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

ઘનિષ્ઠ સંપર્કમાં આવ્યા પછીથી દ્રાવિડી ભાષાઓનો દરેક દૃષ્ટિએ વિકાસ થયો છે. સંસ્કૃત અને પ્રાકૃત પાંડિત્ય દ્રાવિડી ભાષાસાહિત્યના વિકાસ માટે વિઘાતક કે અવરોધક નહીં પણ અત્યંત ઉપકારક બનેલું છે. ભારતીય સંસ્કૃતિમાં સંસ્કૃતે જે ભાગ ભજવ્યો છે તેનું મૂલ્ય અસાધારણ છે. સંસ્કૃત વ્યાકરણની મહાન પરંપરાના જ્ઞાને જ તમિળના વ્યાકરણકારોને તેમના કાર્ય માટે સુસજ્જ કર્યા હતા. વળી સંસ્કૃત, પાલિ અને પ્રાકૃતોના વિકાસમાં દ્રાવિડભાષીઓનો ફાળો એટલો મોટો છે કે તે ભાષાસાહિત્યો જેટલી ભારતીય-આર્ય-ભાષીઓની, તેટલી જ દ્રાવિડીભાષીઓની મોંઘી મૂડી છે.

ભાષાવિજ્ઞાનના વિજ્ઞાન તરીકેના વિકાસમાં સંસ્કૃત વ્યાકરણકારો અને દાર્શનિકોનો સર્વાધિક ફાળો છે. સંસ્કૃત વ્યાકરણીય પરંપરાની પ્રેરણા જ તમિળ વ્યાકરણ ‘તોલ્કાપ્પિયમ્’, તેલુગુ વ્યાકરણ ‘આન્ધ્રશબ્દચિન્તામણિ’, કન્નડ વ્યાકરણ ‘શબ્દમણિદર્પણમ્’ અને મળયાળમ વ્યાકરણ ‘લીલાતિલકમ્’ની રચના પાછળ રહેલી છે. ભારતીય ભાષાવિજ્ઞાનીઓ માટે સંસ્કૃત જાણવાની અનિવાર્યતા હોવા છતાં તેઓ તેની ઉપેક્ષા કરે છે એ દયનીય છે. ભાષાવિજ્ઞાનના પ્રત્યેક વિદ્યાર્થી માટે (તેમ દક્ષિણ ભારતીય ભાષાઓના સાહિત્યના પ્રત્યેક ઉચ્ચતર વિદ્યાર્થી માટે) સંસ્કૃતનું પ્રાથમિક જ્ઞાન ફરજિયાત હોવું ઘટે. સંસ્કૃતને કોઈ એક પ્રદેશ કે જ્ઞાતિ સાથે જોડી દેવી એ અનુચિત છે. આપણી બધી ભાષાઓ અને સાંસ્કૃતિક વિકાસને પડછે રહેલું એ એક અનન્ય પરિબળ છે. તેની ઉપેક્ષા કરવાથી એક રાષ્ટ્ર તરીકે તેમ જ ભાષાવિજ્ઞાનીઓ તરીકે આપણને પારાવાર હાનિ થશે.

પાઠસંપાદનકાર્ય અને ભાષાવિજ્ઞાની

હસ્તપ્રતોના અધ્યયન અને સમીક્ષિત પાઠસંપાદન પર ઐતિહાસિક સંશોધનનો પાયો મંડાયેલો છે. વિશ્લેષણ માટેની સામગ્રી પૂરતી પ્રમાણભૂત અને વિશ્વસનીય હોય એ જોવું ભાષાવિજ્ઞાની માટે અત્યંત આવશ્યક છે. આ કામ અત્યંત વિશાળ છે અને ભાષાવિજ્ઞાનીઓએ પણ તેમાં સક્રિય ભાગ લેવો જોઈએ.

પાણિનીય વ્યાકરણતંત્રમાં અર્થનું સ્થાન

‘ધ રોલ ઑવ મીનિંગ્ઝ ઇન પાણિનિઝ ગ્રામર’ એ શોધનિબંધમાં[3] બ્રોન્કોર્સ્ટે (Bronkhorst) પાણિનીય વ્યાકરણતંત્રમાં અર્થ શો ભાગ

૩. ‘ઇન્ડિઅન લિંગ્વિસ્ટિક્સ’, ૩, સપ્ટે. ૧૯૭૯, ૧૪૬–૧૫૭.

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

ભજવે છે તે તપાસ્યું છે. આના ઉત્તર લેખે ત્રણ વિકલ્પો શકય છે : (૧) અર્થ કશો જ ભાગ ભજવતો નથી, અથવા તો તે નહિવત્ ભાગ ભજવે છે; (૨) આ વ્યાકરણમાં અર્થ નિષ્પત્તિ કે 'નિહાર' ('આવૂટપુટ') છે: એટલે કે એ જે ઉક્તિઓ સાધે છે તે તેના અર્થનિર્દેશ સહિત હોય છે; (૩) અર્થ વ્યાકરણ માટે આરંભિક સામગ્રી કે 'આહાર' ('ઇન્પુટ') છે: એટલે કે અભિવ્યક્ત કરવાના અર્થને અનુરૂપ ઉક્તિઓ વ્યાકરણ સાધી આપે છે. રોડબેર્ગેન (Roodbergen), મિશ્ર અને થિમ (Thieme)એ પહેલો વિકલ્પ સ્વીકાર્યો છે. બીજો પક્ષ જોશીનો છે. ત્રીજો પક્ષ બ્યુસ્કૂલ (Buiskool), કિપાર્સ્કી અને સ્ટાલ તથા વાન નૂતેન (Van Nooten)નો છે. બ્રોન્કોર્સ્ટ પણ ત્રીજા પક્ષના છે, પરંતુ તેઓ દ્વારા અહીં પહેલી જ વાર એ પક્ષના સમર્થન માટે ચોક્કસ પુરાવા રજૂ કરાયા છે. તેમના મતે આ હકીકતનો એક નિષ્કર્ષ એ છે કે પાણિનિનું વ્યાકરણ સામાન્યત છૂટક પદો સાધી શકતું નથી. તે આખાં વાકયો (કે વાકયસમૂહો) જ સાધી શકે છે એક રીતે કહીએ તો તે શ્રોતાનું નહીં પણ વક્તાનું વ્યાકરણ છે.

દ્રાવિડી પ્રભાવના સમાજવૈજ્ઞાનિક પુરાવા લેખે પલ્લી, પાટક, ચેરિ.

ભાષાવિજ્ઞાનમાં આવેલા દિશાપરિવર્તનને કારણે, સંલગ્ન વિવિધ સાંસ્કૃતિક ક્ષેત્રોથી અવિચ્છિન્ન રાખીને ભાષાને તપાસવાનું વલણ નવચેતન પામ્યું છે, અને આના એક પરિણામ લેખે ઐતિહાસિક ભાષાવિજ્ઞાનમાં પણ કોઈ પ્રાચીન ભૂમિકાના શબ્દભંડોળને સાંસ્કૃતિક દૃષ્ટિએ તપાસવાના કાર્યને, હવે જુદા સંદર્ભમાં ફરીથી મહત્ત્વ મળી રહ્યું છે.

એમ. બી. એમેનોએ 'ધ ઇન્ડિઅન લિંગ્વિસ્ટિક એરિઅ રિવિઝિટિડ' (સાવ્થવર્થ અને આપટે સંપાદિત, 'કોન્ટેક્ટ ઍન્ડ કન્વર્જન્સ ઇન સાવ્થ એશન લૅંગ્વિજિઝ', ૧૯૭૪, પૃ. ૯૨–૧૩૪; ટૂંકો સાર : 'ભાષાવિમર્શ', ૩, ૨, પૃ. ૮૫) એ લેખમાં ભારતીય-આર્ય અને દ્રાવિડી ભાષાઓના કેટલાંક રહેઠાણ–વાચક નામોને તપાસીને એવો નિષ્કર્ષ તારવ્યો છે કે કેટલીક ભારતીય–આર્ય ભાષાઓમાં પ્રાપ્ત થતાં રહેઠાણ-નામો દ્રાવિડી મૂળનાં જણાય છે. તેમની દ્રાવિડી ભાષાઓમાં જે જ્ઞાતિ–વ્યવસ્થા–અનુસારી અર્થછાયા છે તે એમેનોએ મૂળભૂત હોવાનું માન્યું છે અને ભારતીય–આર્યમાં આ શબ્દ-જૂથના થયેલા આદાનને ભારત એક ભાષિક ક્ષેત્ર હોવા માટેના સમાજવૈજ્ઞાનિક પુરાવા તરીકે રજૂ કર્યું છે.

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth, Nashik

આ સંદર્ભમાં એમેનોએ તમિળ વગેરે દ્રાવિડી ભાષાઓના ચેરિ 'મહોલ્લો' વગેરે, સં. पाटक 'વાડો' વગેરે, અને સં. पल्ली 'આહીર વગેરેનો નેસ' વગેરે શબ્દોની ચર્ચા કરી છે. પરંતુ સામગ્રીને ચોકસાઈથી તપાસતાં લાગે છે કે આ શબ્દો મૂળે કયા ભાષાકુળના, તેમની વ્યુત્પત્તિ શી અને તેમનો મૂળ અને બદલાયેલો અર્થ કયો એ બાબત એમેનો સાથે સંમત થઈ શકાય તેમ નથી.

ભારતીય–આર્ય–ભાષી વિસ્તારમાં पल्ली અને તેમાંથી સધાયેલાં રૂપો સેંકડો ગામોમાં નામાન્ત તરીકે પ્રાચીન સમયથી મળે છે, અને તે જ રીતે દ્રાવિડીભાષી વિસ્તારમાં પણ हल्ली વગેરે. મૂળે શબ્દ ભારતીય–આર્યનો છે કે દ્રાવિડીનો એ પ્રશ્ન છે. જો આપણે (૧) સં. पद्र શબ્દને ધ્યાનમાં લઈએ અને તે ओद, वद, द, ओदर, वदर, ओदरा, वदर, પદર, પાદર વગેરે રૂપે મધ્યકાલીન અને અર્વાચીન (ગુજરાત વગેરેનાં) ગામનામોમાં નામાન્ત તરીકે હોવાનું ધ્યાનમાં લઈએ; (૨) આ पद्रનું પ્રાકૃત વગેરે મધ્યમ ભારતીય-આર્યમાં (રકારનો લકાર થતાં) पल्ल (સ્ત્રીલિંગ पल्ली) નિયમિત ધ્વનિ-પરિવર્તનથી થયાનું સ્વીકારીએ (સરખાવો आर्द्र > अल्ल, क्षुद्र > खुल्ल, भद्र > भल्ल, मद्र > मल्ल, छद्र > छल्ल, छिद्र > छिल्ल વગેરે), અને (૩) पद्रને સં. पद्– ધાતુમાંથી સધાયેલો ગણીએ તો पल्ली ભારતીય–આર્યમાંથી દ્રાવિડીમાં લેવાયો એમ માનવું પડશે. સંસ્કૃત કોશોએ घोष શબ્દ आभीरपल्लीના અર્થમાં નોંધ્યો છે. પ્રાચીન પ્રાકૃતમાં રચાયેલી તરંગવતીકથામાં भिल्लपल्लीનું વર્ણન મળે છે અને મહાભારતમાં पल्लीघोष એવો સમાસ વપરાયો છે. ટર્નરે નોંધ્યું જ છે કે અર્વાચીન ભારતીય–આર્યમાં મળતી સામગ્રી સૂચવે છે કે पद्र પ્રાચીન હોવો જોઈએ અને તેથી તે पल्लीનું સંસ્કૃતીકરણ હોવાનો માયર્હોફરનો મત માન્ય બને તેમ નથી (ઇ. એ. ૭૭૮૦ નીચે); બરોને અનુસરી ટર્નર पल्ली દ્રાવિડી મૂળનો હોવાનું નોંધે છે ખરા (ઇ. એ. ૭૯૭૨), પણ તે સાથે તેઓ पद्र અને पल्ली વચ્ચે સંબંધ હોવાની બાબત ખુલ્લી પણ રાખે છે. જો તેમણે ઉપરના द्र > ल्ल એવા મભાઆ. પરિવર્તનને લક્ષમાં લીધું હોત તો તેમની શંકા કદાચ નિર્મૂળ બનત. આમ पद्र અને पल्ली ભારતીય–આર્ય નહીં, પણ દ્રાવિડી છે એમ માનવા માટે કોઈ પુરાવો નથી.

તેવું જ पाटकનું છે. તે તથા તેની સાથે સંકળાયેલ वाडा ગામનામોને અંતે મળે છે. વળી वाडो અને पाडो ગામમાંના જ્ઞાતિઓના મહોલ્લાઓ કે અલગ વિભાગો માટે ગુજરાતમાં જાણીતા છે (ब्राह्मणवाडो, वहोरावाड,

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

અમુકનો પાડો તથા અગવાડું, પછવાડું, મુવાડું વગેરેમાં). આ પાટક દેખીતાં જ સં. વાટકનું સંસ્કૃતીકરણ છે અને પછીથી પ્રાકૃતમાં સ્વીકાર પામી તે પાડો રૂપે ગુજરાતીમાં ઊતરી આવ્યો છે. વાટ, વાટક (યજ્ઞવાટ વગેરેમાં) પ્રાચીન સમયથી સંસ્કૃતમાં પ્રચલિત છે–વાડ, વાડી, વાડો વગેરે અર્વાચીન ભાષાઓમાં ઊતરી આવ્યા છે સં. વૃત્તિ 'વાડ', *વાર્ત્ર સાથે આ રૂપોને સહેજે સાંકળી શકાય છે (દ્ર. એ. ૧૧૪૮૦ નીચે આપેલી સામગ્રી). આમ આ શબ્દોને પણ દ્રાવિડી મૂળના ગણી શકાય તેમ નથી. તમિળમાં પાટમ્ નીચલા વર્ણના પાડાના અર્થમાં હોય તેથી તે જ મૂળ અર્થ હોવાનું માનવા માટે આધાર નથી. ઢેઢવાડો, કોળીવાડો વગેરેની જેમ બ્રાહ્મણવાડો, દોશીવાડો વગેરે (અથવા તો તે તે જ્ઞાતિનો પાડો) ગુજરાતમાં વપરાતા આવ્યા છે, અને તે દર્શાવે છે કે વાટક–પાટકનો મૂળ અર્થ હલકા વર્ણના રહેઠાણ પૂરતો મર્યાદિત હોવાનું માની શકાય તેમ નથી. છેવટે તમિળ ચેરિનો વિચાર કરીએ. તમિળ ચેરિ 'ગામ, ગામડું, નેસડો, મહોલ્લો, ઢેઢવાડો,' મલયાલમ્ ચેરિ 'ગામડાની શેરી', કોલામી કેર્ય, કેર 'શેરી', કન્નડા કેરિ 'શેરી' તુળુ કેરિ 'શેરી, ગલી', તેલુગુ ગેરી 'શેરી, રસ્તો' વગેરે સામગ્રી ઉપરથી મૂળ અર્થ 'હલકા વર્ણનો મહોલ્લો' એવો હશે અને સામાન્ય અર્થ પછી વિકસ્યો હશે એવું જ તારણ કાઢી શકાય તેમ નથી. કન્નડા, તેલુગુ અને તુળુમાં શબ્દનો અર્થ અપકર્ષવાચક નથી. ગુજરાતી શેરી કે જે તમિળ કે મલયાલમ્ પરથી લેવાયો છે (એટલે કે મૂળના કૂના તાલવ્યીકરણ પછી) તેનો અર્થ પણ સર્વસાધારણ છે: 'મહોલ્લો' કે 'પોળ'ના અર્થમાં તે વપરાય છે.

આ રીતે પલ્લી, પાટક અને ચેરિનો ઇતિહાસ દ્રાવિડીનો ભારતીય–આર્ય પર પ્રભાવ પડ્યો હોવા માટેના સમાજવૈજ્ઞાનિક પુરાવા તરીકે લઈ શકાય તેમ નથી. પણ, શબ્દકોશીય પ્રભાવની દૃષ્ટિએ પલ્લી અને પાટક ભારતીય–આર્યમાંથી દ્રાવિડીમાં લેવાયા હોવાનું, તો ભારતીય–આર્યમાં શેરી દ્રાવિડીમાંથી લેવાયો હોવાનું જરૂર માની શકાય.

□

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

India's only complete weekly

COMMERCE

An authoritative source of facts, figures and comments on India's industry, agriculture trade, banking, commodities and the economy as a whole, with an appropriate focus on international affairs.

All the facts of current development in the Indian economy are continuously and closely studied by the staff of the Commerce Research Bureau on the basis of the latest available primary data. The results of these studies are made available to the wider public through the pages of Commerce.

This makes Commerce an invaluable source of authentic information for Colleges, Universities and everyone concerned with the academic world.

Annual Subscription : Rs. 125-00

Half yearly : Rs. 65-00

Single copy : Rs. 2-50

Editor : VADILAL DAGLI

Commerce Publication Ltd.

Manek Mahal (6th Floor), 90, V. N. Road;
Off Churchgate, BOMBAY - 400020.

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

જો શબ્દનો જ્યોતિ સર્વત્ર પ્રકાશતો ન હોય તો
આખું ય વિશ્વ અંધકારમય બની જાય.

— દંડી



શુભેચ્છક

કનુભાઈ એન્જિનિયર્સ પ્રા. લિ.

૩, મેંગો લેન, કલકત્તા-૭૦૦ ૦૦૧

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

ARROCOL

ARROCOL - SH : Synthetic Resin Adhesive for Furniture Industries

ARROCOL - AC-31 : Rubber Adhesive for Footwear Industries

ARROCOL - PLV : Poly Vinyl Acetate Emulsion for Textile Finishing

ARROCOL - 888 : For Sticker Adhesive

Manufactured by

Aristo Chemicals Private Limited

814, Parekh Market,
39, Kennedy Bridge, BOMBAY - 400 004

Phone **359758** Cable : **Seematit**

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

ARE YOU PREPARED FOR
A WEDDING IN THE FAMILY

The greatest moment in your children's lives — the wedding day

Have you planned for it ? Ask for IOB's Wedding Deposit Scheme

Come and see us today at any of our branches all over India.

Indian Overseas Bank

GOOD PEOPLE TO GROW WITH

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

ALWAYS INSIST ON RUSTOM FABRICS

* **100% Polyester Printed Shirting and Dress Materials**
* **Wash & Wear Dyed Poplins & Prints**
* **Fancy Screen Print, Poplins, Cambrics etc.**
* **"SANFORIZED" Poplins, Checks, Dyed Merc.**

RUSTOM MILLS & INDUSTRIES LTD.

R. B. No. 131, AHMEDABAD - 380 001

Grams : "**Uplift**"
Telex : **012-489**

Tele. : **24327**
& **24428**

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

"અરે, ફેવિકોલ હોય પછી ઢીંગલી બનાવવામાં કેટલી વાર!"

ધંધાદારી કારીગરોની પ્રથમ પસંદગી પામેલું આ ફેવિકોલ આપ પણ આવાં અનેક કામ માટે સદા હાથવગું જ રાખો. ગમે ત્યારે ફેવિકોલની જરૂર પડવાની જ!

ઑલ ઇન્ડિયા હૅન્ડીક્રાફ્ટ ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ તેમજ હસ્તકલાની અન્ય સંસ્થાઓમાં ફેવિકોલ વધુને વધુ પ્રમાણમાં વપરાય છે.

ફેવિકોલ વડે આપ ફાવે તે ચોંટાડો:
• કાગળ • થર્મોકોલ • લાકડું • કાપડ
• માટીની ચીજ-વસ્તુઓ • આભલાં ને

એવી ઘણીખરી વસ્તુઓને ફેવિકોલ સિન્થેટિક રેઝિન એડ્હેસિવ જલદી અને મજબૂત રીતે ચોંટાડી દે છે.

કામ પણ દરેક વખતે જુઓ તો સ્વચ્છ, સુઘડ, સુંદર ને સફાઈદાર!

Courtesy:
HTTC, Bombay

ચોંટાડવા માટે સર્વોત્તમ

ફેવિકોલ®

કારીગરોનું માનીતું અસ્સલ એડ્હેસિવ.

® પિડિલાઇટ ઇન્ડસ્ટ્રીઝ પ્રાઇવેટ લિમિટેડ, પો. ઑ. નં. ૧૧૦૮૪, મુંબઈ ૪૦૦ ૦૨૦નો રજિસ્ટર્ડ ટ્રેડ માર્ક

PIDILITE

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

વૃક્ષોની વૃદ્ધિ આપણી સમૃદ્ધિ

ગામેગામે ગ્રામવન ઊભાં કરી તેનું જતન કરીએ

માહિતી-ગુજરાત-૭૭

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

લોકકલા શ્રેણી–૪–માતાની પછેડી.

ગુજરાતમાં સાબરમતીને કાંઠે પછાત કોમના લોકો વર્ષોથી માતાની પછેડી રંગતા આવ્યા છે. પછેડીના રેખાંકનમાં કપડાના મધ્યમાં જોગણી, અંબામાતા, બહુચરા, ભદ્રકાલી, કાળકા,ચામુંડા અને ખોડિયાર , એમ સાત માતાજીમાંથી કોઈ પણ એકની આકૃતિ આલેખી હોય છે. માતાજી તેના વાહન પર વિરાજમાન હોય છે અને તેની આજુબાજુ દેવો અને ભક્તજનોનાં ચિત્રો હોય છે. મૂળે પૂજા વેળાએ માતાની મૂર્તિની પાર્શ્વભૂમાં રાખવામાં આવતી પછેડી હવે તો ઘરે ઘરે બેઠકખંડમાં ભીંત-શણગાર માટે વપરાતી થઈ ગઈ છે.

પછેડી ચિત્રકૌશલ્ય તેના લોહી જેવો ઘટ્ટ લાલ, મેશ જેવો કાળો અને સફેદ રંગો થકી એક નોખી અને અનેરી ભાત પાડે છે. દેશી હાથવણાટ અથવા મિલનું ચે કાપડ પછેડી બનાવવા વપરાય છે, કારણ કે રંગ ચડાવવામાં સરળ બને છે. કાટ ખાધેલા લોખંડને ખૂબ તપાવી ગોળના પાણીમાં આઠ દિવસ સુધી ખુલ્લામાં તડકા નીચે રાખવામાં આવે છે લોખંડ ધીરે ધીરે પીગળી જતાં તેમાં ક્યુકાનો લોટ નાખી મિશ્રણ બનાવાય છે, જે રંગ તરીકે વપરાય છે.

આજે અતુલમાં–તરેહ તરેહનાં રંગ દ્રવ્યો (ડાઈઝ) રાસાયણિક રીતે તૈયાર થાય છે. આ ડાઈઝની મદદથી સુતરાઉ, શણના, ઊનના, રેશમી, આર્ટસિલ્કના તેમજ માનવ સર્જિત સિન્થેટિક કાપડથી માંડીને ચામડું તથા કાગળ પર પણ સુંદર રંગકામ કરી શકાય છે.

આ ઉપરાંત અતુલ ડાઈ ઈન્ટરમીડિયેટસનું ઉત્પાદન કરે છે, જેની મદદથી ડાઈઝ તથા સફેદને અધિક ઉજ્જવળ કરી દેનાર ઑપ્ટિકલ વ્હાઈટનીંગ એજંટ બનાવી શકાય છે.

"રંગ રાસાયણિક, આધુનિક સૌ ચાહે સોહાય,
'અતુલ'ના સર્વોત્તમ રંગે સૌ કોઈ મોહાય."

®ધી અતુલ® પ્રૉડક્ટ્સ લિ.

અતુલ-વિરાટ રાસાયણિક સંકુલ
પો. ઑ. અતુલ, જિલ્લો : વલસાડ-૩૯૬૦૨૦
ગુજરાત (ભારત)
ફોન : ૬૧ તાર : "TULA" અતુલ
ટેલેક્સ : "૦૧૭૩-૨૩૨ અતુલ ઇન"



Adroit-1366

For Private and Personal Use Only